Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪૬૧૧

શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૨૦ : અંક : ૨-૩
ક્રમાંક : ૨૩૦-૩૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

4668

विषय-दर्शन

अंक:	लेख:	लेखक:	पृष्ठ:
१.	જૈન વિદ્યા:	ડૉ० વાસુદેવશરણ અગ્રવાલ:	२७
२.	ગુફાઓમાં જૈન સંસ્કૃતિ:	શ્રી. મોહનલાલ દી० ચોકસી:	३०
३.	અખંડ જોડ:	પૂ. પં. શ્રી. ધુરંધરવિજયજી:	३३
४.	મહાકાય પ્રાણીઓ:	પૂ. મુ. શ્રી. જ્ઞાનવિજયજી:	३५
५.	બાલી:	પૂ. મુ. શ્રી. વિશાલવિજયજી:	३७
६.	કર્મ-મીમાંસા:	શ્રી. ખુબચંદ કેશવલાલ:	३८
७.	**उस्तरलाव यंत्र-संबंधी एक महत्त्वपूर्ण जैन ग्रंथ:**	**श्री. अगरचंदजी नाहटा:**	**४१**
८.	**श्री. सुमतिसंभव नामक ऐतिहासिक काव्यकी उपलब्धि:**	**श्री. भंवरलालजी नाहटा:**	**४४**
९.	રતલામમાં વર્તેલું ભયનું સામ્રાજ્ય:		४६
१०.	ત્યાગની પ્રતિષ્ઠા:	શ્રી. અમૃલ:	४९
११.	નવી મદદ	ટાયટલ પેજ	બીજું-ત્રીજું.

નવી મદદ

૫૦) પૂ. પં. શ્રીધુરંધરવિજયજી મ. ના સદુપદેશથી શ્રી. નમિનાથ જૈન દેરાસર, ભીંડી બજાર, **મુંબઈ**

૪૨) પૂ. પં. શ્રીકનકવિજયજી મ. ના સદુપદેશથી શ્રીજૈન શ્વે. મૂ. શ્રીસંઘ, **રાજકોટ**

૨૫) પૂ. પં. શ્રીતિલકવિજયજી મ. ના સદુપદેશથી શ્રીજૈન સુધારખાતા પેઢી, **મહેસાણા**

૨૫) પૂ. આ. શ્રીવિજયઅમૃતસૂરીશ્વરજી મ.ના સદુપદેશથી શ્રીભાયખલા શ્રી જૈન સંઘ, **મુંબઈ**

૨૫) પૂ. પં. શ્રીમાનવિજયજી મ. ના સદુપદેશથી શ્રી. અજિતનાથ જૈન દેરાસર, **વાપી**

૧૫) પૂ. પં. શ્રીસંપતવિજયજી મ. ના સદુપદેશથી શ્રીવીરવિજયજી મ. નો જૈન ઉપાશ્રય, **અમદાવાદ**

૧૫) પૂ. પં. શ્રીકેવળવિજયજી મ. ના સદુપદેશથી શ્રી ગિરવાજી પાર્શ્વનાથ સંસ્થા, **અમલનેર**

૧૫) પૂ. પં. શ્રીમંગળવિજયજી મ. ના સદુપદેશથી શ્રીલવારની પોળ જૈન ઉપાશ્રય, **અમદાવાદ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)
तंत्री : चीमनलाल गोकळदास शाह

वर्ष : २०
अंक : २–३

विक्रम सं. २०११ : वीर नि. सं. २४८० : ई. स. १९५४
भागशर वदि ६ बुधवार : १५ डिसेम्बर

क्रमांक
२३०–३१

जैन विद्या

लेखक:– डॉ. श्री. वासुदेवशरण अग्रवाल

[डॉ. अग्रवाल भारतीय विद्वानोमां मान्य अने गणनापात्र भारतीय संस्कृतिना रहस्यवेत्ता छे. तेमणे ब्राह्मण साहित्य अने बौद्ध साहित्यनी माफक जैन साहित्ये पण भारतीय संस्कृतिना घडतरमां केवो अने केटलो फाळो आप्यो छे तेनां अनेक उदाहरणो आपी जैन साहित्यना वणखेडायेला क्षेत्रमां संशोधन करवा आ लेखद्वारा प्रेरणा आपी छे. आथी ज मासिकना वाचको माटे उपयोगी एवा आ लेखनो अहीं साभार अनुवाद आपीए छीए. संपा०]

जैन साहित्य अने कळानी सामग्रीना आधारे भारतीय संस्कृति अने इतिहासनी सामग्रीनो उद्धार ए जैन विद्यानुं क्षेत्र अने ध्येय होवुं जोईए. पश्चिमी विद्वानोए लगभग सो वर्षो पहेलां बौद्ध साहित्यना उद्धार अने प्रकाशन तरफ ध्यान आप्युं. ए प्रसंगक्रममां ज बौद्धधर्म संबंधी कळासामग्रीनुं प्रकाशन अने अध्ययन पण शरू थयुं. आथी भारतीय इतिहास अने संस्कृतिना घणाये नवा पडदा खुली गया. बौद्ध विद्यानुं साहित्य हवे एटलुं बधुं वधी गयुं छे के तेनाथी एक जन्ममां पार पामवो मुस्केल थई पडे. ए साहित्यना छुपायेला अणमोल ग्रंथो चीन, ब्रह्मा, सिंहल, स्याम, तिब्बत, काश्मीर, मध्यएशिया वगेरे देशोमांथी प्राप्त थया छे. सुदूर मंगोलिया, कोरिया, जपाने पण बौद्ध साहित्यना पुनरुद्धारमां पोतानी भेट चडावी छे. बौद्धकळानी सामग्री शोधतां शोधतां एशिया भूखंडना बहु मोटा भागमां प्रसरेली ए मळी छे. आम बौद्धविद्यानी अनेक नानी–मोटी धाराओए मळीने भारतीय संस्कृतिनी महागंगानो दिल खोलीने विस्तार कर्यो छे, जेथी भारतनी संस्कृति पोताना रस–रूपना संपादनथी आजे घणे अंशे जाज्वल्यमान थई रही छे.

कर्तव्य कर्मनो कंईक एवो ज उद्देश्य अने मार्ग जैन विद्यानी आगळ पण पथरायेलो छे. जैन विद्यानुं भविष्य महान छे. तेणे भारतीय संस्कृतिने बहु मोटुं अर्पण कर्युं छे. भविष्यमां भारतीय संस्कृतिनी जाणे जैन साहित्य अने कळानी सामग्रीथी केटली वधारी शकाय, ए प्रश्नना बराबर उत्तरमां ज जैन विद्याने मळवानी सफळताने आधार रहेलो छे. बुद्धना समकालीन भ. महावीरना समयथी ज जैन साहित्यनो आरंभ मानी शकाय. कहे छे के, पाटलीपुत्रनी वाचना, माथुरीवाचना अने वलभीवाचनामां जैन धार्मिक

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાહિત્ય અથવા આગમ સાહિત્યનું રૂપ ક્રમશઃ નિશ્ચિત થયું. અર્ધમાગધીના મૂળ આગમ સાહિત્ય સિવાય બૌદ્ધોની 'અટ્ઠકથાઓ' ની જેમ જૈનોમાં પણ ધાર્મિક ગ્રંથો ઉપર ઘણીએક વિસ્તૃત ચૂર્ણિઓ અને ટીકાઓનું નિર્માણ એક હજાર વર્ષના લાંબા સમય સુધી, પહેલાં પ્રાકૃતમાં અને તે પછી સંસ્કૃતમાં થતું રહ્યું. જે જે સાલમાં આ સાહિત્ય બન્યું તે તે સમયનું સાંસ્કૃતિક ચિત્ર એ સાહિત્યમાં અનાયાસે જ સમાવિષ્ટ થઈ ગયું છે. ભૂગોળ, સંસ્કૃતિ, સામાજિક રહણીકરણી—એ પ્રત્યેક પ્રશ્નો ઉપર જૈન સાહિત્ય પ્રકાશનાં નવાં કિરણો ફેલાવે છે.

'રાયપસેણિયસૂત્ર' માં મોટા વિમાનો અને સ્તૂપોની રચનાનું વર્ણન વિસ્તારથી કરેલું છે. એમ લાગે છે કે, જાણે લેખકે સાંચી અને મથુરાના સ્તૂપોનું, તેની વેદિકાઓ અને તોરણોનું જાતે જોયેલું વર્ણન કર્યું હોય. સાહિત્ય અને કળા બંને એક–બીજાના રૂપને પ્રગટાવતાં હોય એમ જણાય છે. પ્રાચીન સ્તૂપોના સાંગોપાંગ વર્ણનની આવી સુંદર સામગ્રી ભારતીય સાહિત્યમાં અન્યત્ર ક્યાંઈ નથી. આ જ ગ્રંથમાં પ્રાચીન નાટ્ય વિષય ઉપર પણ અણમોલ મસાલો પડ્યો છે. મહાવીરના જીવનચરિતને નૃત્યપ્રધાન નાટ્ય (ડાન્સ)માં કેવી રીતે ઉતારવામાં આવ્યું છે અને તેની સાથોસાથ નૃત્યના કેટલાયે ભિન્ન ભિન્ન રૂપોનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું છે; એને વાચતાં વાચતાં એમ લાગે છે કે, જાણે આપણે પ્રાચીન ભારતના કોઈ પ્રેક્ષાગારમાં જઈને બેઠા હઈએ, જ્યાં ચાક્ષુષ યજ્ઞના રૂપમાં નાટકનો વિસ્તાર થઈ રહ્યો હોય અને જેમાં કળાના અનેક ચિત્રોને નૃત્યરૂપ ઉતારાતાં હોય.

આ પ્રકરણથી એ વાત નિશ્ચિતરૂપે પ્રગટ થઈ જાય છે કે, જૈનાગમ સાહિત્યમાં અને તેની મોટી મોટી ટીકાઓમાં ભારતીય સંસ્કૃતિના ઉદ્ઘાટન માટે કેટલી બહુમૂલ્ય સામગ્રી વિદ્યમાન છે! હજી સુધી વ્યવસ્થિતરૂપે આ સામગ્રીનું અધ્યયન, સંકલન, વિવરણ અને પ્રકાશનની પરિપાટી વિદ્વાનોમાં પ્રવર્તિત થઈ નથી. પરંતુ એકવાર આવો ક્રમ ચાલુ થશે તો આપણે જોઈ શકીશું કે, જૈન વિદ્યા ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસ માટે કામધેનુની માફ આપણી આશાઓને પણ પૂર્ણ કરશે. 'રાયપસેણિય' ગ્રંથના આ જ પ્રકરણમાં પ્રાચીન ભારતીય વાદ્યોની લાંબી સૂચી આપવામાં આવી છે. જેમ કે — શંખ, શંખિકા, શૃંગ, ખરમુખી, પેયા, પરિપિરિયા (મોંનું વાજું), પશાવ, પટહ, ભંભા (ઢક્કા), હોરમ્ભા, (મહાઢક્કા), ભેરી, ઝલ્લરી, દુંદુભિ, મુરજ, મૃદંગ, નંદિ, મૃદંગ (એક બાજુ સાંકડું અને બીજી બાજુ પહોળું મુરજ), આલિંગ્યક (એક પ્રકારનું મુરજ), કુસ્તુંબ, ગોમુખી, મદ્દલ (બંને તરફ સરખા મોંવાળું), વિપંચી (ત્રણ તારની વીણા), વલ્લકી, ભ્રામરી, ષડ્ભ્રામરી, પરિવાદિની, મહતી, કચ્છપી, ચિત્રવીણા, ઝંકા, નકુલ, તૂણા, તુંબવીણા, મુકુંદ (એક પ્રકારનું મુરજ), હુડુક્કા, ચિવિક્કી, કરટી, ડિંડિય, કિણિત, કડમ્બ, દર્દરક, દર્દરિકા, કલશ, તાલ, કાંસ્યતાલ, રિગિરી-સિક્કા, મકરિમા, શિશુમારિકા, વંશી, વાલી, પરિલ્લિ—આ સૂચીમાં જે વાદ્યોનાં નામો આવ્યાં છે તેમાંથી પ્રત્યેકનો પોતાનો એક ઇતિહાસ હોવો જોઈએ. ભારતીય સંગીત અને વાદ્યો ઉપર કામ કરનારા વિદ્વાનોને માટે આ સામગ્રી અણમોલ કહી શકાય એમ છે, ભારતીય શિલ્પકળામાં આમાંથી અનેક વાદ્યોનું ચિત્રણ આવ્યું હશે. તેની પરખ અને વિગતવાર અધ્યયન પૂરેપૂરા શોધનિબંધનો વિષય છે. ફ્રેંચ ભાષામાં માર્શલ કુમુઆએ હજી હમણાં જ પ્રાચીન ભારતીય વાદ્યો ઉપર બહુ જ સુંદર સચિત્ર પુસ્તક લખ્યું છે. એ રીતે એક ગ્રંથ જલદીથી આપણી ભાષામાં પણ પ્રસ્તુત કરવો જોઈએ.

જૈન વિદ્વાનોની સાહિત્યિક રચનાઓ દ્વારા બીજી કેટલાયે પ્રકારની ભારતીય સંસ્કૃતિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામગ્રીની રક્ષા થયેલી છે. જૈન ભંડારોમાં ઘણાયે અલભ્ય ગ્રંથો સુરક્ષિત રહી ગયા છે. પાટણ અને જેસલમેરના ભંડારોની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી જ છે. પુરાતન પ્રબંધ, વિજ્ઞપ્તિપત્ર, ઐતિહાસિક ગીત, રાસગ્રંથ—આ બધામાં ઇતિહાસ શોધનની સામગ્રી મળી શકે એમ છે. ખાસ કરીને બે દિશાઓમાં જૈન વિદ્યા માટે હજ્યે ક્ષેત્ર ખુલ્લું છે. આમાંથી પહેલું તો ભિન્ન ભિન્ન વિષયો ઉપર જૈન વિદ્વાનો દ્વારા લખાયેલા પરચુરણ ગ્રંથો છે. તેની અંતર્ગત ગણિત, જ્યોતિષ, વાસ્તુ આદિ વિષયોના ગ્રંથો છે. કેટલીક વખત આ ક્ષેત્રમાં વિલક્ષણ સામગ્રી મળી આવે છે. હમણાં જ અલ્લાઉદ્દીન ખિલજીના સમકાલીન તેની ટંકશાળના અધ્યક્ષ શ્રી. ઠક્કર ફેરુના ગ્રંથોનો પરિચય પ્રકાશિત થયો છે. ઠક્કર ફેરુ પ્રતિભાશાળી લેખક હતા. મધ્યકાલીન વાસ્તુવિદ્યા ઉપર તેમનો 'વાસ્તુસાર' નામનો એક ગ્રંથ છપાઈ ચૂકયો છે. પરંતુ હાલમાં જ પુરાણા સિક્કાઓ ઉપર લખેલા 'દ્રવ્યપરીક્ષા' નામક તેમના બીજા પુસ્તકનો પરિચય મળ્યો છે. એ પુસ્તકની એક પ્રતિલિપિ શ્રી. અગરચંદજી નાહટાની કૃપાથી અમારા જોવામાં આવી. આ પુસ્તકમાં લગભગ ૮૦૦ ઈ. સ. થી લઈને ૧૩૦૦ ઈ. સ. સુધીના ભારતીય સિક્કાઓનાં નામો, તોલ અને મૂલ્યનું ઘણું જ પ્રામાણિક વર્ણન કરેલું છે. ભારતીય મુદ્રાશાસ્ત્રના ઇતિહાસમાં આવા પ્રકારનું કોઈ પુસ્તક પહેલાં કદી જોવામાં આવ્યું નથી. ઠક્કર ફેરુનું પોતાના દેશવાસીઓ માટે આ અનુપમ અર્પણ છે. અને જે દિવસે આ ગ્રંથનું વિસ્તૃત સચિત્ર સંસ્કરણ પ્રકાશિત થશે તે દિવસ આપણે આ મહાન લેખકની કૃતિનું મહત્ત્વ પામીશું.

પરંતુ આ બધાથીયે વધીને એક બીજા ક્ષેત્રમાં જૈન વિદ્યાનું સર્વોપરિ મહત્ત્વ આપણી સામે આવે છે, અને તે છે ભાષાશાસ્ત્રના ક્ષેત્રમાં. ભારતની પ્રાયઃ બધીયે પ્રાંતીય ભાષાઓનો વિકાસ અપભ્રંશથી થયો છે. જૈન સાહિત્યમાં અપભ્રંશ ભાષાના ગ્રંથોનો જાણે ભંડાર ભર્યો છે. હજી વીસ વીસ વર્ષો તો આ સાહિત્યને પ્રકાશિત કરવામાં લાગશે. પરંતુ જે કોઈ ગ્રંથ છપાઈ જાય છે તે પણ હિંદી ભાષાની ઉત્પત્તિ અને વિકાસ માટે ઘણી નવી સામગ્રી આપણી આગળ પ્રસ્તુત કરે છે. હિંદી ભાષામાં એકેક શબ્દની વ્યુત્પત્તિ શોધી કાઢવાનું બહુ મોટું કાર્ય હજી બાકી છે. વ્યાકરણની દૃષ્ટિએ વાકયોની રચના અને મહાવરાના આરંભનો ઇતિહાસ પણ મહત્ત્વપૂર્ણ છે. એ માટે અપભ્રંશ સાહિત્યથી મળનારી સમસ્ત સામગ્રીને તિથિક્રમ અનુસાર તારવવી પડશે અને કોશ તેમજ વ્યાકરણને માટે તેનો ઉપયોગ કરવો પડશે. અત્યારે પૂરી રીતે એ અનુમાન લગાવવું કઠણ છે કે, અપભ્રંશ સાહિત્યની કૃપાથી હિંદીનો કેટલો અધિક ઉપકાર થવાનો સંભવ છે! એમ કહી શકાય કે, આપણા ભૂતકાળથી જીવન, રહેણીકરણી અને ભાષાનો જે ઉત્તરાધિકાર આપણને મળ્યો છે તેના ઉપર અપભ્રંશ ભાષાનું ખોળિયું ચઢેલું છે, ઇતિહાસના અપભ્રંશકાળના તાણ આપણી ભાષા અને રહેણીકરણીનાં જે સૂત્રો છે તેનું ઉદ્ઘાટન તેના પોતાના જ વિકાસને સમજવા માટે અત્યંત આવશ્યક છે. આજથી પચીસ વર્ષો પહેલાં અપભ્રંશ સાહિત્યના આ બહુ મૂલ્યનિધિનું કોઈને ધ્યાન અથવા પરિચય નહોતો. પરંતુ આજે તો એવું જણાય છે કે, આપણા સાહિત્યના ભંડારો આ નવી સામગ્રી આવી જતાં ભરપૂર બની ગયા છે. હિંદી જગતના બહુસંખ્યક વિદ્વાનોએ અને પ્રકાશકોએ પોતાનો સમય, પરિશ્રમ અને ધનની શક્તિ આ તરફ લગાડવી જોઈશે; ત્યારે જ આપણે અપભ્રંશ સાહિત્યની આ સંપત્તિને અધિકારમાં લાવી શકીશું.

બૌદ્ધ સાહિત્યથી ભારતીય સંસ્કૃતિને અપરિમિત લાભ થયો છે. એક પ્રકારે બૌદ્ધ સાહિત્યે ભારતીય સંસ્કૃતિને ઊંચા આસને બેસાડી દીધી છે. એ જ રીતે જૈન સાહિત્યની સહાયતાથી ભારતીય સંસ્કૃતિને નવો પ્રકાશ મળવાની આશા અને સંભાવના છે.

['મહાવીર સ્મૃતિગ્રંથ'માંથી 'જિનવાણી' માસિકમાં પ્રગટ થયેલ હિંદી લેખ ઉપરથી સાભાર અનૂદિત]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુફાઓમાં જૈન સંસ્કૃતિ

લેખક :—શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

(૨)

ઐહોલ–આ સ્થાન બદામી તાલુકામાં આવેલ છે. ઈ. સ. સાતમી–આઠમી શતાબ્દીમાં અહીં ચૌલુક્યોનું રાજ્ય હતું. પૂર્વ અને ઉત્તરદિશામાં કેટલીક ગુફાઓ છે. એકમાં સહસ્ર ફણાવાળા શ્રી. પાર્શ્વનાથની મૂર્તિ છે. મૂર્તિની મહત્તા ઊડીને આંખે વળગે તેવી છે. જૈનકળા પર પ્રકાશ પાડે તેવી બીજી સામગ્રી પણ અહીં જોવા મળે છે. પ્રભુ મહાવીરની આકૃતિ પણ એક સ્થાને છે. સિંહ, મગર અને દ્વારપાલની કોતરણી મુંબઈ નજીકની એલીફન્ટાની યાદ અપાવે છે. શૈલી ઉચ્ચ પ્રકારની છે. અહીંથી પૂર્વ દિશા તરફ **મેગુટી** નામક એક જૈન મંદિર છે. એમાં એક મોટો શિલાલેખ નજરે ચડે છે, જેનો શક સંવત ૫૫૬ (ઈ. સ. ૬૩૪–૩૫) છે. ચૌલુક્યરાજ પુલકેશીના રાજ્યકાળે શ્રી. વરકીર્તિએ અહીં આવી પ્રતિમા કરી છે એવો ભાવ એમાંથી સ્પષ્ટ થાય છે.

ભાલેર—ભાલેરનો કિલ્લો ધુળીઆથી વાયવ્યખૂણે ત્રીશ માઈલ દૂર આવેલો છે. એક નાના ટેકરામાં ભોયરું છે. એક ગુફા પણ છે, જેનો ઓટલો કિંવા આગળનો ભાગ ૭૫ ફુટ લાંબો છે. દિવાલો ઉપર શ્રી. પાર્શ્વનાથ તથા બીજા જિનેશ્વરોની ઓગણ્ય કલમે કોતરાયેલી આકૃતિઓ છે.

અંકાઈ–તંકાઈ—આ સ્થાન યેવલા તાલુકાની પહાડી પર આવેલ છે અને વિકટ તેમજ અમુક અંશે ભયપ્રદ પણ છે. પ્રાકૃતિક સૌંદર્ય મજાનું છે. અંકાઈમાં જૈનોની સાત ગુફાઓ છે અને તે શિલ્પકળાની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. દુર્ભાગ્યે ઘણો ભાગ નાશ પામ્યો છે. એવી થોડી જગ્યા જણાય છે કે જ્યાં સુંદર આકૃતિઓ ન કોરાઈ હોય ! પ્રવેશદ્વાર તો ઘણું જ શોભાવાળું છે. કોતરાયેલી તીર્થંકર મૂર્તિઓ નજરે ચડે છે. ઇંદ્ર તેમજ ઇંદ્રાણી (વસ્તુતઃ યક્ષ–યક્ષિણી) ની મૂર્તિઓ પણ કોરેલી છે. વસ્ત્રધારી ગંધર્વપરિવાર વાહનયુક્ત આલેખાયેલા છે. એ ઉપરથી કલ્પી શકાય કે કલાકારે જન્મ મહોત્સવનો પ્રસંગ રજુ કર્યો છે. શ્રી. શાન્તિનાથ પ્રભુની માનવકદની નગ્ન મૂર્તિ છે અને મૃગનું લંછન પણ જણાય છે. એથી નાની પાર્શ્વનાથની મૂર્તિ પણ છે, જેના ઉપર પાંચ ફણાનો આકાર છે. ગોખલામાં જિનપ્રતિમાઓ છે. રચનાશૈલી ઉપરથી અનુમાની શકાય કે તેરમી સદીમાં એ કંડારાયેલી હશે. મહાકવિ શ્રી. મેઘવિજયજીએ ' મેઘદૂતસમસ્યાલેખ ' નામક ' વિજ્ઞપ્તિપત્ર 'માં આ સ્થાનનો ઉલ્લેખ કર્યો છે.

(જુઓ–વિજ્ઞપ્તિ લેખસંગ્રહ. પા. ૬૦૬)

ત્રિંગલવાડી—આબ્રરોડ પર આવેલ છગિતપુરીથી છ માઈલ દૂર એક પહાડી પર આ ગામ વસેલું છે. પહાડીના નીચેના ભાગમાં એક જૈનગુફા છે. એના દ્વાર પર એક જૈનમૂર્તિ છે. વળી, ગુફાના અંદરના ભાગમાં પદ્માસન ઉપર ત્રણ જિનપ્રતિમાઓ છે. અંદરના કમરાની એક દિવાલ પાસે પુરુષાકાર જિનમૂર્તિ છે પણ તે ખંડિત થયેલી છે. માત્ર વિદ્યમાન રહેલા ચરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપરથી–અંકિત કરાયેલ વૃષભના ચિહ્ન ઉપરથી એ શ્રી. યુગાદિદેવની મૂર્તિ હશે એમ માલમ પડે છે. વળી, ઉત્તરદિશાના એક ખૂણે આવેલી દિવાલ પર સં. ૧૨૬૬ નો એક લેખ પણ છે.

ચાંદવડ—પ્રાચીન જૈન સાહિત્યમાં આ સ્થળનું નામ 'ચંદ્રાદિત્યપુરી' જોવાય છે. કહેવાય છે કે યાદવવંશી દીર્ઘપન્નારે એ વસાવી હતી. પહાડની તળેટીમાં આ ગામ વસેલું છે. પહાડની ઊંચાઈ ૪૦૦૦–૪૫૦૦ ફીટની છે. ઉપર જવાનો માર્ગ વિલક્ષણ છે. પગ લપસી જવાનો ભય રહે છે. અર્ધા માર્ગે જે રેણુકાદેવીનું મંદિર છે તે ખરી રીતે જૈન–ગુફા છે. જો કે તે ખાસ મોટી નથી છતાં પણ શિલ્પ–સ્થાપત્યની નજરે મહત્ત્વની છે. ગુફાની ત્રણે બાજુની દિવાલોમાં તીર્થંકર દેવોની પરિકરવાળી અત્યંત સુંદર કોરણીયુક્ત મૂર્તિઓ કંડારેલી છે. શાસનદેવીની મૂર્તિઓ પણ સારા પ્રમાણમાં છે. પ્રત્યેક યક્ષ–યક્ષિણી પોતાના વાહન અને આયુધોથી સુસજ્જિત હોઈ, મુખાકૃતિમાં પણ જૈન શાસ્ત્રમાં કરાયેલ વર્ણનને અનુરૂપ છે. જૈનમૂર્તિ નિર્માણકલા–વિકાસની પરંપરા અહીંના દરેક આલેખનમાં જણાય છે. અહીં મૂળનાયક શ્રી. ચંદ્રપ્રભુજી છે. સર્વ મૂર્તિઓ ઉપર સિંદુર ચઢાવાતું હોવાથી તેમજ દરરોજ તેલમાં સ્નાન તેમને કરવું પડતું હોવાથી આ સ્થાન તદ્દન અનોખા તીર્થરૂપ બનેલ છે. સને ૧૯૩૮ સુધી તો અહીં બળિદાન પણ અપાતું હતું! કયાં કરુણાનિધિ વીતરાગ દેવ, અને કયાં સ્વાર્થરક્ત માનવોએ વર્તમાનમાં સર્જેલી આ દશા! જૈન સમાજ હજુ પણ ઉપરછલ્લા આડંબરમાં મશગુલ રહેશે? આવા અનુપમ વારસાના રક્ષણ પ્રતિ એની નજર પણ નહીં જાય? અહીંના પૂજારીને ખબર પડે કે પ્રેક્ષક જૈન છે તો અંદર દીવો સરખો પણ એ નહીં કરવા દે, કારણ કે આ જૈનમૂર્તિઓ છે એ વાત તે સારી રીતે જાણે છે. એ વાત સંપૂર્ણપણે સાબિત થયેલ છે; પણ પોતાના પેટ માટે આજે તે આ સ્થાન છોડવા તૈયાર નથી. સાથે દુર્ભાગ્યની વાત એ પણ છે કે જૈનોનું આ તરફ ધ્યાન પણ ઓછું છે!

સિત્તનવાસલ—દક્ષિણ ભારતમાં જૈન સંસ્કૃતિનું પ્રભુત્વ ઓછું નથી. અહીંના સાંસ્કૃતિક તેમજ નૈતિક વિકાસમાં જૈનોનો યોગ રહ્યો છે. પદુકોટાથી વાયવ્યખૂણામાં નવ માઈલ ઉપર આ સ્થાન આવેલ છે. અહીં પથ્થરના ટેકરામાં જૈનગુફા બનાવવામાં આવેલી છે. ઈ. સ. પૂર્વ ત્રીજી શતાબ્દીનો એક બ્રાહ્મીલેખ પ્રાપ્ત થયેલ છે. એમાં સ્પષ્ટ જણાવાયું છે કે– જૈન મુનિઓને વસવા સારુ આ ગુફાનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ગુફાઓમાં જૈન મુનિઓની સાત સાત સમાધિશિલાઓ છે, જે દરેકની લંબાઈ ૬ ફુટ લગભગ છે. વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ એનું જેટલું મહત્ત્વ છે તે કરતાં અધિક મહત્ત્વ ચિત્રકળાની નજરે છે. મંડોદક ચિત્ર ઘણાં જ સુંદર છે. એની શૈલી અજંતાને મળતી આવે છે. પલ્લવકાલીન ચિત્રકળાની ઉચ્ચતમ કૃતિઓમાં આની ગણના થાય છે. કલાકારે પ્રકૃતિનાં દૃશ્યોને જે સ્વાંગ સજાવ્યો છે તે ખરેખર અનુપમ છે. જો કે કળાકારે ઘણા થોડા રંગોનો પ્રયોગ કર્યો છે છતાં ભાવની નજરે આકૃતિઓ સજીવ બની છે. કમળાકૃતિ, નર્તકી આદિ પ્રસંગ ઉપરાંત પૌરાણિક જૈન પ્રસંગો પણ ચિતરાયેલા છે. આનું સર્જન કળાવિલાસી મહેન્દ્રવર્માના સમયમાં થયેલ છે. મહેન્દ્રવર્મા **અપ્પર**ના ઉપદેશથી જૈનધર્મી બન્યો હતો પણ પાછળથી એક સ્ત્રીના પ્રયત્નથી એ ઉભય શૈવ મતાનુયાયી થયાં હતાં.

આનું મૂળ નામ **સિદ્ધક–વાસ** યાને 'સિદ્ધોના ડેરા' છે. આ ગુફાઓમાં જૈનમૂર્તિઓ પણ છે અને તે સર્વ પદ્માસનસ્થ છે. અહીંથી થોડા અંતર ઉપર એક શિલાલેખ પ્રાપ્ત થયેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, જેમાં સંગીત વિષયનું લખાણ છે. જૈન આગમો **સ્થાનાંગ** અને **અનુયોગદ્વાર**માં સંગીત વિષયના જે જાતના શબ્દો ઉપલબ્ધ થાય છે તેને પેલો લેખ મળતોજુલતો છે.

ઉપર પ્રસિદ્ધ ગુફાઓ અંગે કહેવામાં આવ્યું છે એ ઉપરાંત **ધારાસિવ, વિન્ધ્યાચળ, બામચન્દ્ર, પાટન, મોમિનાબાદ, ચમારલેના** અને **ઔરંગાબાદની** ગુફાઓ પણ જૈન-ધર્મ સાથે સંબંધ રાખે છે. જિજ્ઞાસુઓને 'કેવ ટેમ્પલ્સ ઓફ ઈંડિયા' અને, 'આર્કિયોલોજિકલ સર્વે ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા' ભા. ૩. વાંચવા ભલામણ છે. એમાં એ વિષે માહિતી અપાયેલી છે.

પૂર્વકાળમાં જૈનમુનિઓ અરણ્યમાં રહેતા હતા. કેવળ ભિક્ષા નિમિત્તે નગરમાં પધારતા. જ્યાં આ સ્થિતિ હોય ત્યાં વ્યાખ્યાનશ્રવણ કે ઉપદેશપ્રાપ્તિ અર્થે ઉપાસકો જંગલમાં જ આવતા હોવા જોઈએ. એ વાત પૌરાણિક આખ્યાનોમાં નોંધાયેલી પણ છે. જિનમંદિરના આત્મા સમાન મૂર્તિઓ પણ નગર બહારની ગુફાઓમાં રાખવામાં આવતી હોય કિંવા કોતરાતી હોય એ પણ સંભવિત છે. મેવાડ આદિ પ્રદેશમાં તો જૈન મંદિરો જંગલમાં ઘણી મોટી સંખ્યામાં આજે પણ જોવા મળે છે, જે ગુફાઓની પદ્ધતિ ભુંસાઈ ગયા પછીના અવતરણ સમા લેખાય. આવા સ્થળને તાળા ચાવીની જરૂર નહોતી જ. જ્યાં આભૂષણો હતાં જ નહીં ત્યાં સંપત્તિ લુંટાવાનો ભય સંભવે જ શી રીતે? એક રીતે કહીએ તો એ પ્રથા ઘણી સુંદર હતી કે જેનાથી સર્વ લોકોને દર્શનનો લાભ પ્રાપ્ત થતો હતો. આજે આપણે મૂળ પરંપરાથી કેટલી હદે આગળ ગયા છીએ? અને એ દ્વારા પ્રભાવના વિસ્તરી છે કે ઓછી થઈ છે તે પણ વિચારણીય વિષય છે. દેશ-કાળને સામે રાખી, લાભાલાભની દૃષ્ટિએ પ્રત્યેક રસમની તુલના કરવામાં આવે, અને જે સુધારણા શક્ય જણાય તે કરવામાં આવે તો જ યુગની સાથે રહી શકાય અને યથાર્થ પ્રભાવના થઈ શકે.

ઉપસંહાર કરતાં મુનિ શ્રી. કાન્તિસાગરજી લખે છે કે-પ્રાચીન ગુફાઓમાં **ઉદયગિરિ, ખંડગિરિ, ઐહોલ, સિત્તનવાસલ, ચાંદવડ, રામટેક, ઈલુરા**-દશમી શતાબ્દી સુધી પ્રેરણા પાનારાં અને આકર્ષણ કરનારાં સ્થાનો તરીકે જાણીતા રહ્યાં. તક્ષણકલાની ઉત્કૃષ્ટ મૌલિક સામગ્રી **ઢંકગિરિ, જોગીમારા, ગિરનાર** આદિમાં છે જ્યારે ચિત્રાંકનમાં **જોગીમારા, સિત્તનવાસલને** ન ભૂલાય.

ગુફા મંદિરો સંબંધી લેખમાળા પૂરી કરતાં જણાવવાનું કે આ સર્વ વાંચ્યા અને જાણ્યા પછી, કંઈ એ સંબંધમાં સક્રિય કામ કરવાનો નિર્ધાર સમાજધુરિણો ન લે તો, કાળના ગર્ભમાં આ રહીસહી વારસો પણ હતોનહોતો થઈ જવાનો! આપણી પાસે સાધન-સામગ્રીનો અભાવ હોય અને આમ બનવા પામે તો એનું ઝાઝું દુઃખ ન લાગે. પણ આ તો છતી સામગ્રીએ અને પ્રતિવર્ષ પ્રભાવના કે ધર્મનિમિત્તે લાખો રૂપીઆ ખરચી રહ્યા છીએ તેવા સમયનું આ ચિત્ર છે. મુનિશ્રીના લખવા મુજબ ખરેખર **ખંડિયેરોમાં વૈભવ** ભર્યો પડ્યો છે પણ એ જોવાને-પારખવાને ઝવેરીનાં નેત્રો જોઈએ. ઝવેરાતની પરીક્ષા અણઘડથી ન જ થાય. જૈન સમાજમાં ઝવેરીની દૃષ્ટિ ધરાવતી વ્યક્તિઓ સત્વર પેદા થાય એ જ પ્રાર્થના. યુગના એંધાણ પરખાય, યોગ્ય દિશામાં ઉપદેશ અપાય, અને વ્યવસ્થિતપણે કાર્ય ઉપાડી લેવાય, તો ભગવંત શ્રી. મહાવીરદેવની ભાવના '**सवि जीव करुं शासनरसी**' એ ફલ્યા વગર ન જ રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અખંડ જોડ

(શ્રીનેમિ–રાજિમતીના ગૂર્જર કવનોનો આછો પરિચય)

લેખકઃ—પૂજ્ય પં. શ્રીધુરંધરવિજયજી

આજન્મ બ્રહ્મચારી બાવીશમા શ્રીનેમિનાથ પ્રભુ અને રાજિમતી એ બન્નેનો વિવાહવિધિ થયો ન હતો છતાં તેમનું અખંડિત દામ્પત્ય અજર–અમર ગવાય છે.

નવ ભવની ચાલી આવતી એ જોડી છેવટે એવી એકમેક બની ગઈ કે જેને કોઈ કદી પણ છૂટી પાડી શકે નહિ. એ જોડીની અવિખંડતાએ કવિઓના મન ઉપર એવું તો કામણ કર્યું છે કે, કવિ એકને સંભારવા જાય ત્યારે બીજાને ભૂલી શકે નહિ. કવિઓની સૃષ્ટિમાં વિચરીએ ત્યારે એમ લાગે કે, દરેક કવિને આ શ્રીનેમિ પ્રભુનું કવન કરવામાં આ વસ્તુ સિવાય બીજી વસ્તુ જાણે સૂઝતી ન હોય ! તે સંબંધી પ્રાચીન–સ્તવનો અને અન્ય પદ્યોનો આછો પરિચય અહીં અપવામાં આવે છે.

(૧) **શ્રી આનંદઘનજી—**

તેઓશ્રીની ચોવીશીમાં ૧૬ ગાથાનું સ્તવન શ્રીનેમિનાથજીનું છે. રાજિમતી પ્રભુને ઉદ્દેશીને કહે છે. જુદા જુદા વિરોધાભાસનું સુંદર દર્શન આ સ્તવનમાં થાય છે. પ્રેમભક્તિ યોગનું પ્રતિબિમ્બ અહીં હૂબહૂ ખડું થયું છે. છેવટે અધ્યાત્મ તરફ તેનો વળાંક કવિએ એટલી સરસ કુશળતાથી લીધો છે કે કવિની એ શક્તિ વાચકને મુગ્ધ કરી દે છે.

(૨) **શ્રી યશોવિજયજી—**

મહાતાર્કિક છતાં અહીં ખરેખર યશોવિજયજી મહારાજ રસિક કવિ તરીકેની છાપ પાડે છે. રાજિમતી પ્રભુને ઉપાલંભ આપે છે. કુરંગ–હરણ કે જેને લઈને નેમિ રાજિમતીને ન પરણ્યા, તેને યાદ કરીને પછી મુક્તિ ઉપર રોષ ઠાલવ્યો છે. પ્રેમની મહત્તા વર્ણવીને તેનો વૈરાગ્ય તરફ વળાંક લઈને છ ગાથાના સ્તવનમાં કવિએ ઘણી વાતો સમજાવી દીધી છે.

આ કવિની બીજી ચોવીશીમાં પણ ઉપરના જેવો ભાવ છે પણ છટા અને ભાષા જુદી છે. બાર ગાથાનું એ શ્રીનેમિજિન સ્તવન છે.

કવિની ત્રીજી ચોવીશી ચૌદ ઓલની છે તેમાં પણ આ અખંડ જોડની સુન્દર ઝળક દેખાય છે. નવ ગાથામાં ચાર–પાંચ ગાથામાં આ ભાવ રમે છે.

(૩) **શ્રી વિનયવિજયજી—**

આપની ચોવીશીમાં શ્રીનેમિનાથ પ્રભુનાં ત્રણ સ્તવનો છે. તેમાં પહેલા સ્તવનમાં રાજિમતી શ્રીનેમિને, નારીને નાથનો આધાર કેવો છે, તેનું વર્ણન કરે છે ને તેમાં પણ ' આમ અધ-વચ્ચે રઝળતી મૂકીને જાવ ત્યારે મારી કેવી દશા થાય ' તે રસમય ભાષામાં કહે છે. છેવટે ગિરનારે જાય છે અને બધી બળતરા ઠારે છે.

બીજા સ્તવનમાં પરણવા આવ્યા અને એમ ને એમ ચાલ્યા તે કે'ના જેવું છે તેનું વર્ણન છે. આ બન્ને સ્તવનો સાત–સાત ગાથાનાં છે. ત્રીજું છ ગાથાનું સ્તવન છે. તેમાં એકવાર મારું વચન માનો પણ શ્રીનેમિએ ન માન્યું એટલે રાજુલને લાગ્યું કે મારા નાથને મુક્તિએ ભોળવ્યો છે એટલે તેની ખબર લઈ લઉં ! ખરેખર, તે તેની ખબર લેવા નીકળી પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪) **શ્રી મોહનવિજયજી—**

આ કવિ તો 'લટકાળા' ઉપનામે પ્રસિદ્ધ છે. તેમની ચોવીશીમાં ભગવાનને મીઠા ઉપાલંભ આપવાની તેમની ખૂબી બીજા બધા કરતાં જુદી તરી આવે છે. તેમને તો શ્રી નેમિનાથના સ્તવનમાં પોતાને પ્રિય વિષયનું જ વસ્તુ સાંપડી ગયું એટલે પછી કહેવામાં મણા શા માટે રાખે ? સાત ગાથામાં રાજુલ પાસે શ્રી નેમિને તેમણે ઘણું કહેવડાવ્યું છે. એક ત્રીજી ગાથાથી કવિની ખૂબી કેવી છે તેનો ખ્યાલ આવી જશે:

" સુણી હરણીના હો રાજ ! વચન કામિનીના હો રાજ ! સહી તો બીના રે વહાલા આવા આવતાં;
કુરંગ કહાણો હો રાજ ! ચૂકે ન ટાણો હો રાજ ! જાણો વહાલા રે, દેખી વર્ગ વિરંગનો : ૩ :"

ખરી મજા તો આખું સ્તવન વાંચતાં આવે. બીજું પણ તેમનું સ્તવન સાત ગાથાનું છે. તેમાં રાજુલ શ્રી નેમને જુદી જુદી રીતે ઉપાલંભ આપે છે ને છેવટે સંયમ લઈ વહેલી વહેલી શિવને વરે છે.

(૫) શ્રી કાંતિવિજયજી—

સાત ગાથાના સ્તવનમાં શરૂમાં વર્ષાઋતુનું વર્ણન છે ને એવે સમયે વિયોગ વ્યથામાં કેવી ક્રૂરતા કરે છે તે રાજુલને મોંએ બોલાવીને જો આમ મને છેતરીને ચાલ્યા જવાના છો એવું હું પહેલેથી જાણતી હત તો લાજ ત્યજીને હાથ પકડી રાખત ને ન જવા દેત. છેવટે સંયમને શિવ તો આવે જ એ વગર અખંડિતતા ન જળવાય.

કાંતિવિજયજી પણ રસિક કવિ છે. અષ્ટમીના સ્તવનથી તેમની પ્રસિદ્ધિ છે. તેમના ગુરુનું નામ પ્રેમવિજયજી છે.

(૬) શ્રી રામવિજયજી—

સુમતિવિજયજીના શિષ્ય રામવિજયજી સ્તવન–સાહિત્યમાં પ્રસિદ્ધ અને પ્રચલિત છે. શ્રી સિદ્ધચક્રજીની સ્તુતિ, શ્રી ચંદ્રપ્રભુજીનું સ્તવન શ્રી શાંતિજિન સ્તવન વગેરે તેમનાં સ્તવનો વ્યાપક છે. સાત ગાથાના શ્રી નેમિજિન સ્તવનમાં રાજુલ, મુક્તિએ પોતાના નાથને ભોળવ્યો છે એટલે હું તેની સરસાઈ કરીને નાથને વશ કરું એ ભાવને આગળ કરીને એવું જ કાર્ય રાજુલ પાસે કરાવ્યું છે.

(૭) શ્રી ન્યાયસાગરજી—

મુક્તિએ સંયમસુન્દરી રૂપી દૂતી મોકલી છે તેની સાથે સ્વામી ગઢ ગિરિનાર ગયા છે. ત્યાં પોતે જાય છે અને અનુભવ મન્દિરમાં રમે છે. આમ રાજુલ અને શ્રી નેમિનું ચિત્ર સાત ગાથાના સ્તવનમાં બહુ કર્યું છે. બીજા છ ગાથાના સ્તવનમાં પ્રથમ થોડો ઉપાલંભ આપીને પછી પ્રભુ સંકેત કરવા આવ્યા હતા એમ રાજુલ સમજે છે અને સંયમ લઈ શિવ વરે છે. ઉત્તમસાગરજીના શિષ્ય ન્યાયસાગરજી પ્રસિદ્ધ છે.

(૮) શ્રી માનવિજયજી—

શાંતિવિજયજી વિબુધના શિષ્ય માનવિજયજી ઉપાધ્યાય તેમની ચોવીશીના ભાવગંભીર કેટલાંક સ્તવનોથી વિખ્યાત છે. શ્રી નેમિનાથ પ્રભુના સ્તવનમાં શૃંગારિક ભાવને વૈરાગ્ય તરફ તેમને એવી સરસ ખૂબીથી ખેંચી લીધો છે કે જે તેમની કવિત્વ શક્તિ પ્રત્યે ઘેરું બહુમાન ઉત્પન્ન કરે છે.

સ્તવન નવ ગાથાનું છે. નેમ–રાજુલના નવ ભવની પ્રીત છે. શરૂઆત ગોપીઓની મનામણીથી કરી છે. વિવાહમંડપ સુધી વર્ણન કરીને–આ સર્વ મોહની સાથે નવભવથી ચાલ્યું આવતું યુદ્ધ છે. વિવાહમંડપ એ કોટ છે. ત્યાં જઈને શ્રી નેમિએ તેને માર્યો અને રાજુલને પણ બચાવી. પછી તો પોતે કેવું સૈન્ય તૈયાર કર્યું તે વર્ણવીને પૂર્ણ સ્થિતિ પહોંચાડી છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાકાય પ્રાણીઓ

લેખક :-પૂજ્ય મુનિરાજ શ્રી. જ્ઞાનવિજયજી (ત્રિપુટી) મુ. મેરઠછાવણી

અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન્ મહાવીરસ્વામીએ જગતની સમ્મુખ જે જે સત્યો મૂક્યાં છે તેને જૂઠાં ઠરાવવા માટે વિભિન્ન દર્શનાચાર્યો નિષ્ફળ નિવડ્યા છે. આજના વૈજ્ઞાનિકો તેમાંનાં ઘણાં સત્યોને પૂર્ણ સત્યરૂપે નિહાળી તેનું સમર્થન કરી રહ્યા છે. મહાકાય પશુ-પક્ષીઓ માટે પણ એવું જ એક સત્ય જગતના ચોકમાં ચમકી રહ્યું છે.

ભૂસ્તરશાસ્ત્રીઓ ભૂમિના પડોમાં દટાયેલી વસ્તુઓને બહાર કાઢી તેના આધારે પુરાણ-કાળના ઘણાં તથ્યોને પ્રકાશમાં લાવી મૂકે છે. આવા સંશોધનમાં તેઓને જુદા જુદા સ્થાનોમાંથી જુદા જુદા કાળે ઘણાં અસ્થિપિંજરો (હાડકાનાં માળખાં) મળ્યાં છે. ભૂસ્તરશાસ્ત્રીઓ તેની ચારે બાજુની જમીન કે ચટ્ટાનો વગેરે જે હોય તેને ઝીણવટથી હાઈડ્રોક્લોરિક વગેરે દ્વારા હઠાવી, તેને અખંડરૂપે બહાર કાઢી, તેના પ્લાસ્ટિક નમૂનાઓ તૈયાર કરી, તે માળખાંઓના આધારે તે તે પ્રાણીઓની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ, જડબાનું માપ, માથાનું માપ, મોંનું માપ, પોલાણ, માંસ રહેવાના ભાગો, માંસનું વજન, હાડકાનું વજન, શરીરનું વજન અને અખંડ શરીરનું માપ રજૂ કરે છે, અને એ રીતે તેમના સંશોધનમાં અનેક મહાકાય પ્રાણીઓનો ઇતિહાસ ઊભો થાય છે. વૈજ્ઞાનિકો એવું પણ અનુમાન કરે છે કે-કરોડો વર્ષ પહેલાં આ ભૂમિ પર એવા મહાકાય પ્રાણીઓ હતા. તે જ જાતિના લઘુકાય પ્રાણીઓ ગિરોળી, કાકીડો, નોળિયો, મગરમચ્છ, કાચબો, ઉંદર, ઘુંસ, ઘો, સાપ વગેરે આજે આપણી સામે વિદ્યમાન છે.

આ માટે એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા ભા. ૧૭, ધી સ્ટોરી ઑફ એનિમલ લાઈફ (મ્યૂરિસબારટેન), એનિમલ ફાર્મ્સ એન્ડ પેન્ટર્સ (એડોલ્ફ પોર્ટમેન) અને એનિમલ ઈમોલ્યૂશન — એ સ્ટડી ઑફ રીસેન્ટ બ્યૂજ ઑફ ઈટ્સ કાજેજ (જો. એસ. કાર્ટર) વગેરેમાં ઘણું નિર્દેશન મળે છે. તેમાં ઘણાં પ્રાણીઓનું વર્ણન છે. તેમાંથી થોડાંએક મહાકાય પ્રાણીઓનું વર્ણન નીચે આપવામાં આવે છે.

મોટું શરીર—એવાં અસ્થિપિંજરો મળ્યાં છે કે જેના આધારે તે પ્રાણીઓનું વજન ૮૪૦ મણ અને લંબાઈ ૭૦ ફૂટની હશે એમ અનુમાન થાય છે.

કૈમ્પટો—જે પ્રાણી કંગારુ જેવા આકારનું મહાકાય હતું. તે માંસભોજન કરતું નહોતું.

પ્લેટોસોરસ—જે માંસાહારી અને ભયાનક હતું. તેના મુખથી પૂંછ સુધીની લંબાઇ ૨૦ ફૂટ હતી.

એલોસોરસ—તેની લંબાઈ ૩૦ ફૂટ હતી. તેના મોંમાં ચપ્પુ જેવા દાંતની ઘણી લાઈનો હતી. એ શિકારી પ્રાણી હતું.

આરકોપૈરિસ—તે પ્રાણી એલોસોરસથી વધુ બલવાન હતું. આકાશમાં ઊડતું હતું અને ગિરોલી જેવા આકારનું હતું.

બ્રોંટોસોરસ—તે ભીમકાય પ્રાણી નિરામિષભોજી હતું. તેનું વજન ૮૪૦ મણ અને નાકથી પૂંછ સુધીની લંબાઈ ૭૦ ફૂટ હતી. તેને સાપ જેવી ગરદન, નાનું માથું અને ચમચા જેવા દાંત હતા.

સ્ટેગો—તેને કુબડી છાતી હતી, વજન ૨૮૦ મણ હતું અને લંબાઈ ૨૦ ફુટ, નાના ૪ પગ અને મોં મેળ વગરનું હતું. પીઠ પર ત્રિકોણ કોઢ જેવું હતું. મોઢાનું માપ માત્ર ૧। છટાંક હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટ્રાઈ સેરાટોપ્સ—તે ૨૦ ફુટ લાંબુ અને વચમાં ૮ ફુટ ઊંચું પ્રાણી હતું. તેને ૩ શિંગડાં અને ૭ ફુટ ઊંચું મોં હતું.

એનેટો સરટ—તે ૨૫ ફુટ લાંબુ હતું, તેને ૨ પગ હતા, સારસ જેવી ચાંચ હતી. ૨ હજાર જેટલા દાંત હતા. જે ખોરાક ચાવવામાં ધંટીના બે પૈડા જેવું કામ દેતા હતા, તે જમીન પર અને પાણીમાં ચાલતું હતું.

ટાઈરેનો—તેની લંબાઈ ૫૦ ફુટ હતી, તેનું મોં જમીનથી ૧૮ થી ૨૦ ફુટ ઊંચું રહેતું હતું. તેને મોંમાં ૭ ૭ ઇંચ લાંબા દાંતો હતા.

ભૂસ્તરશાસ્ત્રીઓ આ પ્રમાણે અનેક પશુ–પક્ષીઓનું પ્રાચીનકાળમાં અસ્તિત્વ બતાવે છે. અને સાથોસાથ જણાવે છે કે આ એ જાતનાં પ્રાણીઓ આજે પૃથ્વી પર વિદ્યમાન નથી.

જૈન સાહિત્યમાં અષ્ટાપદ, ભારંડ, ગ્રાહ, ભૂમિજ–મત્સ્ય વગેરે નામો આવે છે. તેના ડીલડોલ–શરીર અને સામર્થ્યના ઉલ્લેખો મળે છે પરંતુ આજે તે જાતના પશુ, પક્ષી–જલચરો દેખાતા નથી. "દેખાતા નથી" એટલે એ જાતનાં પ્રાણીઓ હતાં જ નહીં એમ અનુમાન કરી નાખવું એ ઉપરના પ્રાણીવર્ણનો વાંચ્યા પછી આપણને એક ઉતાવળું સાહસ જ લાગે છે.

આફ્રિકામાં થોડાં જ વર્ષો પહેલાં એક ભયંકર પક્ષી હતું એ વાત જાહેરમાં આવી છે. તેનું સ્વરૂપ જોતાં–વિચારતાં આપણને અષ્ટાપદ વગેરે માટે શંકાને સ્થાન રહેતું નથી. સાથોસાથ જૈન સાહિત્યનું નિરૂપણ કેટલું વાસ્તવિકતાથી સંકળાયેલું છે એ વસ્તુ સમજવામાં જરાય વાર લાગતી નથી.

જૈન સમાજમાં વિજ્ઞાન, પુરાતત્ત્વ, ભૂસ્તરજ્ઞાન વગેરેનો જાણકાર વર્ગ ઊભો થાય તો જગતની સામે આવાં અનેક સત્યો રજૂ કરશે એ નિર્વિવાદ વસ્તુ છે.

[અનુસંધાન પૃષ્ઠ : ૩૭ થી ચાલુ]

આ મંદિરમાંની ૯ દેરીઓની મૂર્તિઓ આહોરના જિનાલયમાંથી લાવવામાં આવી છે. અને તેની પ્રતિષ્ઠા સં. ૧૯૫૯ના જેઠ સુદિ પના રોજ કરવામાં આવી છે.

બીજું મંદિર શ્રીપાર્શ્વનાથપ્રભુનું છે. સં. ૧૮૨૦માં હથુંડી રાઠોડ ઓશવાલ શેઠ જેમાજી અને ઓટાજી નામના બે ભાઈઓએ મળીને બંધાવ્યું છે. કેટલાકના કહેવા મુજબ અહીં કિલ્લો બાંધવામાં આવ્યો ત્યારે તેની સાથોસાથ આ મંદિર બાંધવામાં આવ્યું. મંદિર બાંધવાના કારણમાં એમ જાણવા મળે છે કે, બંને ભાઈઓ પૈકી નાના જેમાજીને એવું સ્વપ્ન આવ્યું કે, શેલા ગામની બહાર આવેલા મોટા તળાવમાં શ્રીપાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ છે તેને બહાર કાઢો — આથી તેણે ત્યાં જઈ જોયું તો બરાબર સ્વપ્ન મુજબ પ્રાચીન મૂર્તિ, પબાસન અને તોરણ વગેરે નીકળી આવ્યું અને આ મંદિર બંને ભાઈઓએ મળીને બંધાવ્યું. મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનની ૧૧ા હાથ પ્રમાણની સુંદર પ્રતિમા વિરાજમાન છે. એના પબાસનમાં સં. ૧૧૬૨નો પ્રાચીન લેખ છે. એ પબાસનમાં અંબિકાની મૂર્તિ હોવાથી એ શ્રીનેમનાથ ભગવાનનું હશે. તેના ઉપર શ્રીપાર્શ્વનાથની મૂર્તિને પાછળથી બેસાડવામાં આવી લાગે છે.

આજે પણ શેઠ જેમાજીના પરિવારનાં ૫૦ ઘરો વિદ્યમાન છે. મંદિર ઉપર ધ્વજા–દંડ તેમના પરિવાર તરફથી જ ચડાવવામાં આવે છે.

ત્રીજું મંદિર શ્રીધર્મનાથ ભગવાનનું છે; જે યતિજીના ઉપાશ્રયમાં આવેલું છે, સં. ૧૯૫૦માં મંદિર આ બંધાવેલું છે.

આ સિવાય બીજાં ત્રણ જૈન મંદિરો વિદ્યમાન છે. એક જૈન ધર્મશાળા પણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાલી

લેખક : પૂ. મુનિરાજ શ્રીવિશાલવિજયજી (ધર્મજયતોપાસક)

અમદાવાદથી દિલ્હી જતી વેસ્ટર્ન (પશ્ચિમી) રેલ્વે લાઈનમાં ફાલના નામે સ્ટેશનનું ગામ છે. ત્યાંથી મોટર રસ્તે ૪ માઈલ દૂર બાલી નામે કસ્બાતી ગામ આવેલું છે.

જોધપુર રાજ્યમાં બાલી મોટું ગામ ગણાય છે. ઉદયપુરના મહારાણીની પટરાણી બાલીકુંવરીના નામે આ ગામ વસ્યું હતું. કોઈ એમ પણ કહે છે કે, બાલી નામની ચોધરાણીએ અહીં પ્રથમ વાસ કર્યો તેથી આનું નામ બાલી પડ્યું.

બાલી ગામ વસ્યું એ પહેલાં પણ આ સ્થળે કોઈ ગામ વસેલું હોય એવું અહીંના દેરાસરની એક પ્રતિમાના શિલાલેખ ઉપરથી અનુમાન નીકળે છે. એ શિલાલેખમાં 'વલભીપુર' એવું નામ અમારા વાંચવામાં આવ્યું ત્યારે અમને વિચાર થયો કે આનું નામ વલભીપુર કયાંથી પડ્યું ? આ વિશે અહીંના શેઠ ધનરૂપજીને પૂછતાં માલમ પડ્યું કે, બાલી પહેલાં આ ગામ વલભીપુર નામે ઓળખાતું હતું. એનું કારણ વૃદ્ધો પાસેથી એમ જાણવા મળ્યું છે કે, કોઈ કારણે વલભીપુરનો રાજા પોતાની પ્રજા સાથે વિ. સં. ૩૧૨માં અહીં આવ્યો અને તેણે આ સ્થળે 'વલભીપુર' નામે ગામ વસાવ્યું. ઇતિહાસથી પત્તો લાગે છે કે, છઠ્ઠી સદીમાં જ્યારે વલભી ભાંગ્યું ત્યારે ત્યાંના લોકો મેવાડમાં સાદડી, નાડોલ, નાડલાઈ વગેરે પ્રદેશોમાં આવી વસ્યા હતા. એ સમયે આ બાલી વલભીપુર નામે વસ્યું હોય એ બનવાજોગ છે. એ પછી જ આ ગામનું નામ 'બાલી' પડેલું છે, જે ઉપર્યુક્ત હકીકતના કારણે પડ્યું હશે : એમ જાણવા મળે છે. પહેલાં અહીં ચૌહાણ રાજાનો અધિકાર હતો. તે પછી જાલોરના સોનગરા સરદારોનો અમલ હતો. એ પછી મેવાડના રાણાઓના અને તે પછી જોધપુર રાજ્યના તાબા હેઠળ આવ્યું છે. વિ. સં. ૧૮૨૬ થી ૧૮૩૩ સુધીમાં અહીં પશ્ચિમ દિશામાં નાનોસરખો પણ સુંદર કિલ્લો બાંધેલો જોવાય છે.

આજે તો આ ગામ સારા પ્રમાણની વસ્તીથી આબાદ છે. સરકારી કચેરી વગેરે અહીં મૌજુદ છે. ઓશવાલ તેમજ પોરવાડ શ્રાવકોનાં ૫૦૦ ઘરોમાં મળીને લગભગ ૨૦૦૦ જૈનોની વસ્તી છે. વળી, ૯ જૈન ઉપાશ્રયો અને ૬ જૈન મંદિરોથી આ ગામ રળિયામણું બનેલું છે.

બજારની વચ્ચે જ શ્રીઆદીશ્વર ભગવાનનું શિખરબંધી મંદિર ત્રણ માળનું છે. લોકવાયકા પ્રમાણે આ મંદિર ૨૦૦૦ વર્ષ પહેલાં ગંધર્વસેન નામના રાજાએ બંધાવ્યું હતું. પણ એ માટે કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતું નથી. લગભગ ૩૫ વર્ષો પહેલાં આ મંદિરના જીર્ણોદ્ધાર માટે પાયો ખોદતાં જમીનમાંથી સોનાના સિક્કા મળી આવ્યા હતા. ઓશવાળ જૈનોએ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી સુંદર આરિસાભવન જેવું બનાવ્યું છે. સં. ૨૦૦૬ના જેઠ સુદિ ૫ના રોજ આની ફરીથી પ્રતિષ્ઠા થઈ છે. પહેલાં મૂળનાયક શ્રીશાંતિનાથ પ્રભુ આમાં બિરાજમાન હતા. પ્રાચીન લેખવાળું પબ્બાસન જમીનમાં પૂરી દેવામાં આવ્યું એમ કહેવાય છે. અત્યારે શ્રીઆદીશ્વર ભગવાનની એક હાથ પ્રમાણ શ્વેતપ્રતિમા બિરાજમાન છે, જેની શ્રીહીરવિજયસૂરિજીએ સં. ૧૬૩૨માં પ્રતિષ્ઠા કરી છે. પહેલાં અહીં કાઉસગ્ગિયા પ્રતિમા ૫૭–૫૮ ઇંચની ઊંચી અને મૂળનાયકની મૂર્તિ ૬૦ ઇંચ પ્રમાણની હતી. એ ખંડિત થતાં આ નવી મૂર્તિ શ્રીહીરવિજયસૂરિહસ્તક પ્રતિષ્ઠિત થઈ હશે.

[જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૩૬]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ મીમાંસા

[લેખાંક–પાંચમો]

લેખક :–**માસ્તર શ્રીયુત ખુબચંદ કેશવલાલ.** સિરોહી

કર્મ કેવા સ્વભાવે, કેટલા સમય પૂરતું, કેવા રસપૂર્વક (કેવા સ્વરૂપે) અને કેટલા દલિક પ્રમાણમાં ઉદય (ફળ દેવાના સમય)માં આવશે તે કાર્મણવર્ગણાનો સંસારી આત્મા સાથે બંધ થવા સમયે જ નિયત થાય છે. પરંતુ તે કર્મનો ઉદય શરૂ થવા પહેલાં તેના અબાધા કાળ સુધીમાં તેમાં ક્વચિત ફેરફાર થઈ જવા પામે છે. એ ફેરફાર થવાનું કારણ મનુષ્યના પૂર્વ કર્મ કરતા વિદ્યમાન અધ્યવસાયો ઉપર વિશેષ હોય છે. આ માન્યતાથી સિદ્ધ થાય છે કે બંધ સમયે નિયત થયેલ બાબતોમાં પણ પરિવર્તન થઈ શકે છે. બંધાયેલ દરેક કર્મોનું આ પ્રમાણે પરિવર્તન થાય છે એમ પણ નથી પરંતુ અમુક સંસ્કારવાળા કર્મમાં જ આ પ્રમાણે પરિવર્તન થાય છે. આ સંસ્કારની ઉત્પત્તિ બંધ સમયે જ કર્મમાં પેદા થાય છે. કોઈકે કર્મ એવા સંસ્કારવાળું હોય છે કે બંધ સમયે નિયત થયેલ બાબતોમાં કોઈ પણ પ્રકારે કંઈ પણ પલટો થવા પામે જ નહિ. એનું ફળ નિયત થયા મુજબ જ ભોગવવું પડે. આવા સંસ્કારવાળા કર્મને જૈનશાસ્ત્રમાં 'નિકાચિત કર્મ' તરીકે ઓળખાવ્યું છે.

નિકાચિત સિવાય બીજું એક એવા સંસ્કારવાળું કર્મ છે કે તેમાં કર્મ અંગે જે ફેરફારો થવાના પ્રકાર દર્શાવ્યા છે તે પૈકી સ્થિતિ અને રસમાં જ ન્યૂનાધિક થવાના સ્વભાવરૂપ પ્રકારોનું થવાપણું હોય છે. આવા સંસ્કારવાળા કર્મને 'નિધત્તિ કર્મ' કહેવાય છે. આ બે સંસ્કાર સિવાયની અન્ય કાર્મણ વર્ગણામાં કોઈ વખત અધ્યવસાયના બળથી પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશમાં ન્યૂનાધિક ફેરફારો થવાનું સંભવી શકે છે. આ ફેરફારો ઓછેવત્તે અંશે અબાધાકાળ દરમ્યાન થાય છે. અબાધાકાળ એટલે કર્મ બંધાયા પછીનો અને ઉદય (ભોગવટા) પહેલાંનો કાળ સમજવો. ઉદયાવલિકાને પ્રાપ્ત થયેલાં કર્મોમાં કંઈ ફેરફાર થઈ શકતો નથી.

કર્મની કઈ કઈ બાબતોમાં કેવા કેવા પ્રકારે ફેરફારો થાય છે અને તે પ્રમાણે થતા ફેરફારો શું નામે ઓળખાય છે તે આ પ્રમાણે છે:—

કર્મની સ્થિતિ અને રસની વૃદ્ધિ, હાનિનો આધાર મનુષ્યના પૂર્વકર્મ કરતાં વિદ્યમાન અધ્યવસાયો ઉપર વિશેષ રહે છે. એક સમયે કરાયેલ અશુભ કર્મોની સ્થિતિ અને રસમાં પણ પાછળથી કરાયેલ શુભ કૃત્યો વડે ઘટાડો થઈ શકે છે અને પ્રથમ કરેલ શુભ કૃત્યો દ્વારા ઉપાર્જિત શુભ કર્મની સ્થિતિ અને રસમાં પણ પાછળથી થતા દુષ્કૃત્યોના યોગે ઘટાડો થવા પામે છે. આ ક્રિયાને જૈનદર્શનમાં 'અપવર્તના' કહે છે. આમાં અશુભ કર્મનો રસ અશુભ હોય છે. આત્મ વિકાસનો માર્ગ સુલભ બનાવવામાં અશુભ કર્મની સ્થિતિ અને રસની જ અપવર્તના જરૂરી છે.

ભોગવટાના કાળનું પ્રમાણ અને અનુભવની તીવ્રતા–મંદતા નિર્ણીત થયેલી હોવા છતાં પણ આત્મા ઉચ્ચ કોટિના અધ્યવસાયોરૂપ કરણ વડે તેમાં ન્યૂનતા કરી શકે છે. કર્મ રાજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાથે સ્થિતિના કરાર કરેલા હોય કે તે કોડાકોડી સાગરોપમ સુધી ભોગવાશે. કોલકરારની વધુમાં વધુ સ્થિતિની મુદત ૭૦ કોડાકોડી સાગરોપમની હોય છે પણ તે કોલકરારની મુદત તોડી નંખાય તો જ આત્મા આગળ વધે છે. જો તોડવાની તાકાત ન આવે તો આગળ વધાય જ નહિ. કોઈ જગાનું પાણી એવું હોય કે તેનાથી ચૂલા ઉપર મૂકેલી દાળ કલાકો સુધી પણ ચડે નહિ, પણ તેમાં સોડા અગર એવા બીજા કોઈ દ્રવ્યના સંયોગથી એ તરત ચડી જાય. અને તેની કલાકોની સ્થિતિને તોડી નંખાય. એ રીતે આત્માના અમુક જાતના અતિશુભ પરિણામ વડે જે કર્મ સિત્તેર કોડાકોડી સાગરોપમ સુધી ભોગવવાનું હોય, તેના ભોગવટાનો કાળ તોડી શકાય. તે તોડી નાખીને થોડામાં ભોગવી લેવાય. કર્મની અંદર કાળ જાગતી ચીજ છે, તેનું કાસળ નીકળે તો મોક્ષ નજીક જ છે. એટલે જેઓ કર્મની સ્થિતિને તોડી શકે તે ગુણ પ્રાપ્ત કરી શકે છે. જૈન-દર્શનમાં સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, ઉપશમશ્રેણિ યાવત્ ક્ષપકશ્રેણિરૂપ ગુણનો આધાર સ્થિતિ ઉપર કહ્યો છે. સમ્યક્ત્વ પામ્યા પહેલાં ગ્રંથિભેદ કરે. ૬૯ કોડાકોડી અધિક સ્થિતિ તોડે ત્યારે ત્યાં આવે છે. તેથી વધુ સ્થિતિ તોડે તો દેશવિરતિ પામે, તેથીયે સંખ્યાતા સાગરોપમ તોડી નાખે ત્યારે સર્વવિરતિની પ્રાપ્તિ થાય. એ રીતે આત્માના ગુણ પ્રગટ કરવા માટે કર્મની સ્થિતિને તોડી નાખવી પડે છે. કર્મની સ્થિતિ કાપવાનું એકાદ સમયમાં બની જતું નથી. તે અસંખ્યાતા સમયમાં બને છે. પહેલા સમયે જેટલી સ્થિતિ તોડવા માંડી તેટલી તૂટી, બીજા સમયે તોડવા માંડો તેય તૂટે તો આગળ વધવાનું થાય. એક સમયમાં કર્મોની સ્થિતિ તોડવામાં આખોય સમય ચાલ્યો જાય તો તોડાય નહિ. સ્થિતિ તોડી નાખવા છતાં કર્મ પ્રદેશોનો સમૂહ તો નિયત થયા મુજબ જ રહે છે. ફેર એટલો પડે છે કે જે પ્રદેશોના સમૂહના ભોગવટામાં દીર્ઘકાળ વ્યતીત કરવાનો હોય તેટલો સમૂહ ટૂંકા કાળમાં ભોગવવાનું કરે. પણ ભોગવટાનું સત્ત્વ એવું ને એવું હોય તો ભેળું થાય અને મુશ્કેલી ઊભી કરે. રોજ અડધી આની વજનભાર કેરી વસ્તુ એક મહિના સુધી નિયમિત લેનારને એક મહિને લગભગ એક તોલા સુધી થઈ જાય પણ એક મહિનાની સામટી લઈ લે તો મરણ પ્રસંગ ઉપસ્થિત થાય. ધીમે ધીમે વાપરવાની વસ્તુ ધીમે ધીમે ખવાય તો નુકસાન ન થાય. એક સાથે ખાવાથી નુકસાન થાય. એકદમ ભોગવવાનો રસ્તો ચકવાનો નહિ પણ પડવાનો છે, પણ તેના સત્ત્વને તોડી નાખે તો એક સામટી વપરાયેલ વસ્તુ પણ નુકસાન કરનાર થતી નથી. વધુ પ્રમાણમાં આરોગાયેલ કેરીનો રસ વાયુનો પ્રકોપ કરે, પેટમાં સખ્ત પીડા પેદા કરે પણ રસમાંનું સત્ત્વ તોડી નાખીને વાપરવાથી વાયુ ઉત્પન્ન થાય નહિ. વધુ પ્રમાણમાં કેરી ખાવાના સ્વાદીલાઓએ ખાવા સમયે સૂંઠને મિશ્રિત કરવી જોઈએ, પછી વાંધો ન આવે. એ રીતે કર્મની સ્થિતિ તૂટવાની સાથે રસ પણ તૂટવો જોઈએ, પછી વાંધો ન આવે. કર્મની વધુ તાકાત સ્થિતિ અને રસ ઉપર છે. એ બન્નેમાં શિથિલતા આવે તો આત્મા બળવાન બને. એટલે આ રીતે કર્મ એક વખત બંધાઈ ગયું પણ તેને નબળું પાડવા માટે તેના સ્થિતિ અને રસમાં ફેરફાર થઈ શકે. સ્થિતિ અને રસ અનુક્રમે ટૂંકાં અને મંદ ન થઈ શકતાં હોત તો ઉપદેશ, તપસ્યા, દાન, ધર્મ વગેરે કાંઈ પણ કરવાનું રહે જ નહિ. પરંતુ એ બધાં શુભ અનુષ્ઠાનો અને શુભ પરિણામો દ્વારા પૂર્વબદ્ધ અશુભ કર્મોની સ્થિતિમાં ન્યૂનતા અને રસની તીવ્રતામાં મંદતા લાવી શકાય. તે ન્યૂનતા શી રીતે લાવી શકાય ? શરદી થઈ હોય તો શરદી વિરુદ્ધનાં કારણો મળ્યેથી શરદી ઊડી જાય, એ પ્રમાણે જે પરિણામે સ્થિતિ અને રસ બાંધેલાં હોય તે તેનાથી વિરુદ્ધ પરિણામ હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૂટી જાય. જે વખતે સ્થિતિઘાત કરે તે જ સમયે રસનો પણ ઘાત કરે તો સ્થિતિ અને રસનો ઘાત એકી વખતે થાય. પરંતુ સ્થિતિમાં જેટલું તોડે તેના કરતાં રસમાં અનંતગણું તોડે. રસ-ઘાતના ઝપાટામાં સ્થિતિઘાત ધીમો ચાલે.

કરેલાં કર્મ અવશ્ય ભોગવવાં પડે એમ જે કહેવાય છે તે પ્રદેશની અપેક્ષાએ. પ્રદેશબંધ તૂટી ન શકે, સ્થિતિબંધ તથા રસબંધ તૂટી શકે. સ્થિતિઘાતને સૂત્રવતું સમુદ્‌ઘાતનું વર્ણન જૈન શાસ્ત્રમાં આવે છે. આ સમુદ્‌ઘાત એ કર્મની સ્થિતિ ઉપર આધાર રાખે છે. મોક્ષે જવાવાળા મનુષ્યનું પણ વધારેમાં વધારે આયુષ્ય ક્રોડ પૂર્વનું હોય છે અને વેદનીય વગેરેની સ્થિતિ અંતઃ કોટાકોટિ સાગરોપમની હોય છે. એટલે આયુષ્ય કરતાં તે કર્મોની સ્થિતિ વધી જાય. ચરમ શરીરવાળાનું આયુષ્ય તોડી શકાય નહિ. તેઓનું આયુઃ પૂર્ણ થઈ જાય છતાં વેદનીય વગેરેની સ્થિતિ બાકી રહી જાય. આયુ વિના બીજાં બાકી રહેલાં કર્મ ભોગવાય શી રીતે? અને કર્મ બાકી હોય ત્યાં સુધી મોક્ષે પણ શી રીતે જવાય? આયુઃ પૂર્ણ થયે મોક્ષે જવાય પરંતુ આયુની સ્થિતિ પૂર્ણ થયા છતાં વેદનીયાદિ કર્મ બાકી રહી જાય ત્યારે શું કરવું? આ બધો પ્રભાવ સ્થિતિ તોડવા ઉપર છે. એટલે ચાર ઘાતીકર્મ ક્ષય કરી કેવલજ્ઞાન પામેલા તો બાકી રહેલાં વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય એ ચાર પૈકી વેદનીય, નામ અને ગોત્રની લાંબી સ્થિતિ ટૂંકી કરી આયુષ્ય કર્મની સ્થિતિ જેટલી બનાવવા માટે સમુદ્‌ઘાત કરે. જે સ્થિતિ ઓછામાં ઓછી રાખવી જોઈએ તે રાખીને બાકીની બધી તોડી નાખે. સર્વથા અપ-વર્તન કરે. માત્ર કાચી બે ઘડીની સ્થિતિ રાખી બાકીનો ભાગ ઉડાડી દે. આમ કેવલીઓ પણ તેમને જ્યાંસુધી મોક્ષે જવાની તૈયારી ન થાય ત્યાંસુધી કર્મો ભોગવતા રહે છે. છેલ્લા વખતે જ્યારે મન, વચન, કાયાના યોગ રોકી લેવાય ત્યારે સ્થિતિનો ક્ષય કરે છે. આ હકીકત સ્થિતિના અપવર્તન કરવાને અંગે અહીં સમજવા માટે લેવાઈ છે. આ પ્રમાણે કર્મની સ્થિતિ અને રસમાં ન્યૂનતા થવારૂપ અપવર્તનાકરણની હકીકત કહેવાઈ.

તેથી ઉલટી ક્રિયાને 'ઉદ્‌વર્તના' કહેવાય છે. અશુભ કર્મ બંધાયા બાદ પણ બંધ સમય કરતાં પાછળથી વિશેષપણે કલુષિત અશુભ અધ્યવસાયો થવાના પરિણામે નિયત સ્થિતિ અને રસમાં વૃદ્ધિ થવા પામે છે તેને ઉદ્‌વર્તના કહે છે.

ઉદ્‌વર્તન અને અપવર્તન કરણદ્વારા સમજી શકાય છે કે અજ્ઞાનવશે કરી યા તો મોહનીય કર્મની વિશેષ પ્રબળતાના યોગે થયેલ ભૂલના પરિણામે ભૂતકાળમાં બંધાયેલ કર્મનો દીર્ઘકાળ તીવ્રપણે ભોગવવાના ભોગવટાથી બચવા માટે વર્તમાન જીવન પવિત્ર બનાવી સદાચરણોમાં પ્રવૃત્તિ કરી આત્માના પરિણામને અતિવિશુદ્ધ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ.

આ ઉદ્‌વર્તન અને અપવર્તન અંગેની હકીકત જૈન સિવાયનાં અન્ય દર્શનોમાં પ્રાયઃ દૃષ્ટિગોચર થતી નથી. કારણ કે આ હકીકત પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશરૂપ ચાર પ્રકારે બંધાતા કર્મ પૈકી સ્થિતિ અને રસ અંગે જ છે. જૈનેતર દર્શનમાં માત્ર કર્મ બંધાય છે એટલું જ કથન કરાયેલું છે. બાકી બંધના આ ચાર પ્રકારનું સવિસ્તર વર્ણન નથી. એટલે સ્થિતિ અને રસબંધનું કથન ત્યાં ન હોવાથી ઉદ્‌વર્તન અને અપવર્તનનું સ્વરૂપ પણ જૈનદર્શન સિવાય બીજે જાણવા ન મળે એ સ્વાભાવિક છે.

બંધાયેલ કર્મમાં અન્ય પ્રકારે ફેરફાર થાય છે, તે હવે પછીના લેખાંકમાં દર્શાવાશે.

[ચાલુ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

उस्तरलाव यंत्र संबंधी
एक महत्त्वपूर्ण जैनग्रंथ।

लेखक :—श्रीयुत अगरचंदजी नाहटा

[गतांकसे आगे]

ग्रन्थकारके गुरुभ्राता 'विनयरत्न' थे, जिनकी बनाई हुई 'विदग्धमुखमंडन'की एक अपूर्ण प्रति हमारे संग्रहमें है, और अन्य पूर्ण प्रति यहाँके कुशलचन्द्रगणि पुस्तकालयमें उपलब्ध है। यह वृत्ति १८०० परिमित है[1], इसकी रचना सं. १५४५ (?) में हुई है।

अब विवेच्य उस्तरलाव ग्रन्थका परिचय दिया जा रहा है—

उस्तरलाव यंत्र सटीक

आदि—**उस्तरलाव**समुद्रं, कस्तरीतुमलं भवेत्।
तथापि **मेघरत्नेन,** सारमुद्धियते मनाक् ॥ १ ॥
कर्तारमीशं जगतां प्रणम्य, प्रमोदवानुस्तरलाववंत्रम्।
कुर्वे प्रबंधे प्रयतः प्रभूतात्, गुरुप्रसादात् किल मेघरत्नः ॥ २ ॥

टीका—कविकृते अहं मेघरत्नः किलेति सत्ये उस्तरलाववंत्रे उस्तरलाववंत्रविषये प्रबंधे प्रकष्टबंधानं कुर्वे, विदधे। किं कृत्वा, जगतां कर्त्तारं ईशं प्रणम्य गच्छंतीति जगति अनित्याः, पदार्थास्तेषां किंभूतो **मेघरत्नः** प्रमोदवान् उस्तरलाववंत्रप्रबंधे हर्षवान् इत्यर्थः, कस्मात् प्रभूतात् प्रचुरात् गुरुप्रसादात् प्रचुरं गुरुप्रसादमधिगम्य विदधे इत्यर्थः इति श्रीसंक्षेपार्थो दर्शितः शास्त्रविस्तरभयात् ॥ १ ॥

ग्रंथ आरम्भ—

आदौ शुभं पीत्तकपित्तलायाश्चक्रं विदध्यात् दृढवर्तुलं च।
मध्ये सरंध्रं ध्रुवकीलयुक्तमिच्छानुमानप्रमितं विधेयम् ॥ १ ॥

अस्यार्थः—आदौ प्रथमतः पीतकपित्तलायाः पीतवर्णपित्तलायाश्चक्रं विदध्यात्—कुर्यात्। किंभूतं चक्रम्? शुभं—निर्दोषं अथवा पीतकस्य—सुवर्णस्य चक्रं विदध्यादित्यपि। किंभूतं चक्रं पुनः? दृढवर्तुलं—दृढं च तत् वर्तुलं च दृढवर्तुलमिति। पुनः किंभूतं? मध्ये सरंध्रं—सच्छिद्रम्। पुनः किंभूतं? ध्रुवकीलयुक्तं—ध्रुवकीलकेन संयुक्तम्। पुनः सचक्रं इच्छानुमानप्रमितम्, स्वेच्छाप्रमाणं विधेयं—कर्तव्यम्।

वार्त्ताः—आदिहि पहिलइ भु निर्दोषु पीयली पीतली सुवर्णवर्णं पित्तलिका चरचक्रा इयइ। अथवा पीतकु कहतां सोना काचक करावई, कोई समर्थ उस्तरलाव काम जेजी। किसइ छइले चक्रु दृढ जिसइ वांकउ न होइ तिसउ सयलु करणउ तथा बाटुलउ करणउ। विचालइ रंध्र कीजइ। मध्ये

१. हमारे संग्रहकी प्रतिमें जो पाठ है उसकी संख्या अस्पष्ट है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ध्रुव कीलकु कीजइ अस इच्छानुमान परमाण कीजई जिवडउ इच्छा होइ तेवडउ कीजइ ॥२॥

नासा सनाथं कड़िकासमेतं, दुगूलदोरसहितं सफंदम् ।
तिर्यक् पुनः सार्धयवप्रमाणमस्योपरिष्टात् परिवेषपत्रम् ॥१॥

टीका छोड़कर नीचे भाषा मात्र दी जा रही है:—

वार्त्ताः—वली किसउ हइ सु चक्कु, नासा सहितं, नाथ सहि सहित बहुडि कड़ी साहत नाका मांहे एक लहुडि कड़ी मांहे एक दूजी वेडरी कड़ी । कड़ी मांहे पट्टसूत्रका दोरा अने दोरा सकोमलु नाहि होता । मतकि ही कड़ीमांहि जोर करइ । अड़इ जंत्रि खोड़ि पड़ई । पटसूत्रु न अड़इ । यंत्रु ढीलउ रहई । फूंदा सहितु जिस हाथी झालतां सग्रहउ रहइ यंत्रु । पुनरपि कहता भी इस चक्कु ऊपरि दउड़ १॥ यव प्रमाण सविस्तर परिवेस सारिखा बाटुलउ पत्तु दिवारि जह रेहा डियइ ॥३॥

अंतः—३७वें श्लोककी भाषा टीकाः—

वार्त्ताः—यंत्रका जाणणहार उस्तरलाव चहुं प्रकारि कहइ । पहिला उस्तरलाउ कुदसी इसउ नाम्न । तिहां पनरह १५ रेखा । १५ पनरह चक्कु होवइ । चक्र चक्र मांहे विचालइ छः छः ६, ६ अंशका विचाला जाणेवा ॥१॥ ।

दूजा पुलसी इति नाम । तिहां त्रीस ३० रेखा त्रीस चक्र जाणेवा । विचालइ त्रिहुँ त्रिहुँ अंसकका करकु ॥३॥

चउथा तयाम इति नाम तिहां नव्वय ९० रेखा । नव्वय ९० चक्रा एकु एकु चक्कु एकु एकु अंसकु जाणीवउ । इति चिहुं प्रकारि उस्तरलाउ जाणणा ॥४॥ इति उस्तरलावभेदाः ॥१॥

उस्तरलावमध्ये वड़ा चक्कु । नवमा तवक अतलसका । नवमा तवकका नाम अतलस । आठ तवक तिस वीचि दहइ तीनसय साठि ३६० अंसक सायत मुस्तकी मनित्येक रूपः । नवमा तवक मांहे । नक्षत्र तारा तारा किछु नांहि । त्रीनसय साठि ३६० ऊपरि ९३ । रेख देहि हइ ॥१॥

दिन रात्रि मांहे शायत मुस्तकी मनांहि कतुं छटइ वधइ ॥१॥ मेषादि राशि १२ तिन्हकी प्रकृति चउ प्रकारि यथा आतसी १ खाकी २ बाई ३ आवी ४

लेखन—सं० १६०० वर्षे चैत्र वदि ८ रवौ...आगे हरताल फेरी हुई है.

आतसी	बाई	खाकी	आवी	यंत्र			
१	२	३	४		८१४	१०।३	१ १२।१
				ल ला ला लंब ला ला			
५	९	७	८	३१ ३१ ३१ ३२ ३१ ३१		२ सा	२० सायत १
						२६	दस्वीका २०
९	१०	११	१२	ल ला कत कत ल ल		×	
				३० ३० २९ २९ ३० ३०		१ ११।२	
						३०	२०५२
						२ सा	
						३० द	

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

स्या अक अई अलीनु बुतु विन । जुह बहिन् दिसयव किन् हव वल ॥
अंत—श्लोक ३८ वां—अथोत्तर गोल दक्षिण गोले आह ॥
रेखात एवोत्तरयाम्यगोलमध्ये च वाह्ये भवतोऽत्र चक्रे ।
तथोत्तरस्यां दिशि दक्षिणस्यां भवति मानीति च राशिचक्रात् ॥३॥

बड़गच्छकी एक शाखा भटनेरमें थी, उसका बहुतसा हस्तलिखित ग्रन्थसंग्रह अनूपसंस्कृत लायब्रेरीमें है। मेघरत्नादिका इसी भटनेर शाखाका होना संभव है। इस शाखाकी कुछ प्रतियां हनुमानगढके एक व्यक्ति (गजधर)के यहां संग्रहीत पड़ी हैं, उनके अवलोकनसे संभव है उस्तरलाव यंत्रकी अन्य प्रति व उसके रचयिताके अन्य ग्रन्थका भी पता चले। प्रयत्न चालु है।

जैन हस्तलिखित ज्ञानभंडारोंकी मध्यकालमें बड़ी उन्नति हुई, लाखों प्रतियां लिखवाई गई। हजारों ग्रन्थ निर्माण किये गये, पर शोक है कि मुसलमानोंके साम्राज्यकालमें भी उनका जितना विनाश नहीं हुआ उतना अंग्रेजोंके शासनके समय हुआ। कुछ तो मुद्रण युगके प्रचलनके साथ हस्तलिखित प्रतियोंका पठन-पाठन समाप्त हो गया; कुछ शिक्षाकी कमीके कारण उसका महत्त्व भूला दिया गया, फलतः उस्तरलाव जैसे अपने विषयके एकमात्र ग्रन्थ भी आजतक अज्ञात अवस्थामें पडे हैं। अनूपसंस्कृत लायब्रेरीका भी कुछ वर्ष पूर्व बड़ा बेहाल था। सूचीमें केवल ५००० प्रतियां थी; बाकी बस्तोंमें बंधी हुई ८-१० हजार प्रतियां यों ही अज्ञात अवस्थामें पडी थीं। इधर वर्तमान चीनके राजदूत पत्रिका बीकानेरमें आने पर इस अनुपम संग्रहकी सुव्यवस्था हुई जिससे सबको अज्ञात ग्रन्थोंके प्रकाशनका पता चला है। इस संग्रहके सूचीपत्रके ६ भाग प्रकाशित हो चुके हैं, जिनमें अत्यधिक जैन ग्रन्थ भी विविध विषयोंमें हस्तलिखित हैं, पर जैन विभागमें जो ५००-६०० प्रतियां रखी हुई हैं उनकी कर्ताके नाम, रचनाकाल-सूचक सूची ही नहीं बनवाई है। ग्रन्थोंके नाम मात्रकी सूची है। यद्यपि मैंने सब प्रतियां कई बार देख ली हैं। इन प्रतियोंमें कई ऐसे जैन ग्रन्थोंकी प्रतियां भी है जिनकी दूसरी प्रति किसी भी जैन ज्ञानभंडारमें नहीं है, जिन पर फिर कभी प्रकाश डाला जायगा। जैन साहित्य बहुत विशाल है इसे भली भांति खोज कराके प्रकाशमें लाना जैन समाजके विद्वानोंका सर्व प्रथम कर्तव्य होना चाहिए।

परिशिष्ट

उस्तरलाव यंत्रके संबंधमें विशेष पूछताछ करने पर अहमदाबादके पंडित जितेन्द्रजी जेटली से ज्ञात हुआ कि Encyclopaedia Britanicca में इतना विशेष है, जो यंत्रके चित्रके साथ छपा है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री. सुमतिसंभव नामक ऐतिहासिक काव्यकी उपलब्धि।

लेखक :—श्रीयुत भंवरलालजी नाहटा.

मध्यकालीन जैन इतिहासके साधन बहुत ही प्रचुर हैं। प्रतिमालेख, प्रशस्तिलेख, पट्टावलिएं, वंशावलिएं, पुष्पिकाएं, तीर्थमालाएं, चैत्यपरिपाटियें, ऐतिहासिक काव्य, गीत, रास आदि विविध प्रकारकी सामग्री उपलब्ध है। जिनके आधार इतिहास ही नहीं, भारतीय इतिहासकी बहुत ही तथ्यपूर्ण जानकारी प्राप्त है। ग्यारहवीं शतीके पश्चात् ऐतिहासिक साधनोंका प्राचुर्य उल्लेखनीय रूपमें वृद्धिंगत पाया जाता है। पूर्ववर्त्ती इतिवृत्तको संकलन करनेका प्रयत्न करनेके साथ साथ समकालीन इतिहासके संकलनका प्रयत्न 'प्रबन्ध संग्रह' आदि ग्रंथोंमें दृग्गोचर होता है। जैन आचार्यों और श्राककोंके इतिवृत्त संबन्धी अनेकों सुन्दर काव्य संस्कृत एवं लोक-भाषामें रचे गए, उनमेंसे अधिकांश सामग्रीको प्रकाशित करनेका गत २५–३० वर्षोंमें स्तुत्य प्रयत्न हुआ है, फिर भी अभी तक बहुतसे महत्त्वपूर्ण ग्रंथ अप्रकाशित अवस्थामें पडे हैं। कुछ ग्रन्थोंकी तो हस्तलिखित संग्रहालयोंके शोधके अभावमें हमें जानकारी तक भी नहीं है। जैन भण्डारोंके अतिरिक्त बहुतसे सरकारी एवं विदेशी संग्रहालयोंमें भी हजारों जैन हस्तलिखित प्रतियां पायी जाती हैं जिनकी ओर हमारे मुनियों एवं विद्वानोंका ध्यान कम ही जाता है।

कलकत्तेकी एसियाटिक सोसाइटीका हस्तलिखित संग्रह ही बहुत महत्त्वपूर्ण है। इसके कई विषयोंके तो विवरणात्मक सूचीपत्र प्रकाशित हो चुके हैं जिनमें बहुतसे जैन ग्रन्थ भी हैं। पर जैन विभागकी प्रतियोंकी नामावली मात्र ही बहुत वर्ष पूर्व प्रकाशित हुई थी जिसके कागज भी जर्जरित हो गए हैं। श्रीअजितरंजन भट्टाचार्यने जैन ग्रन्थोंका सूचीपत्र हाल होमें बनाया है जो अभी छप रहा है। कुछ वर्ष पूर्व जैन ग्रन्थोंकी उपर्युक्त नाम सूची देखने पर उसमें कुछ ग्रन्थ अन्यत्र अनुपलब्ध एवं अज्ञातसे प्रतीत हुए अतः उन प्रतियोंको स्वयं देख लेना आवश्यक समझ आज ही हम सोसाइटीमें पहुंचे और सौभाग्यवश एक अज्ञात ऐतिहासिक काव्यकी उपलब्धि हुई। जिसका परिचय नीचेकी पंक्तियोंमें दिया जा रहा है।

इस काव्यका नाम "सुमतिसंभव महाकाव्य" है। इसके प्रणेता तपागच्छीय सुकवि सर्वविजय है। काव्य ८ सर्गोंका है और इसमें श्रीसुमतिसाधुसूरिका गुणवर्णन किया गया है। काव्यकी दृष्टिसे यह एक सुन्दर ग्रन्थ है, इतिहासकी दृष्टिसे तो महत्त्वपूर्ण है ही। इसके प्रारंभिक ६ सर्गोंमें श्रीसुमतिसाधुसूरिजीके जन्मस्थान, जन्मोत्सव, दीक्षा, गुरुपरंपराका वर्णन है सातवें और आठवें सर्गमें माण्डवगढ निवासी "मालवभूपाल" तथा 'लघुशालिभद्र' बिरुद विभूषित जावड़साहके व्रतग्रहण एवं प्रतिष्ठा महोत्सवादि धार्मिक कार्योंका महत्त्वपूर्ण वर्णन है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

इस काव्यकी पत्र संख्या २१ है, जिसमें पांचवां व छठा पत्र अनुपलब्ध हैं। प्रति पृष्ठ १३ पंक्ति एवं प्रति पंक्तिमें ४० अक्षर लिखे हुए हैं। कहीं कहीं बोर्डरमें सूक्ष्माक्षरी टिप्पण भी लिखे हुए हैं। हर्षकुल गणि जैसे विद्वानने इसे लिखवायी है अतः पाठ भी बहुत शुद्ध है। काव्यकी रचनाका समय तो नहीं दिया गया पर प्रस्तुत प्रति सं. १५५४ इलदुर्ग महानगर (ईडर)में लिखी गयी है अतः रचना इसी समयके आसपासकी ज्ञात होती है। सुमतिसाधुसूरिका परवर्त्ती वृतान्त इसमें नहीं दिया गया है अतः उनकी विद्यमानतामें ही रचा जाना निश्चित है।

मांडवगढके जावड़साह अपने समयके बहुत ही प्रभावशाली व समृद्ध धार्मिक पुरुष थे। उनके सम्बन्धमें और भी कई ग्रन्थों एवं शिलालेखोंसे अच्छी जानकारी मिलती है। अभी ग्वालियरमें डॉ. सुभद्रादेवी—जो कि मांडवगढके जैन इतिहासकी कई वर्षोंसे सामग्री संग्रहीत कर रही हैं—से बातचीत हुई तो उन्हें जावड़साह पर एक लेख शीघ्र ही तयार कर प्रकाशित करनेकी प्रेरणा की गई थी। सौभाग्यसे तत्काल ही उनके सम्बन्धमें एक अच्छी जानकारी प्राप्त हो गई जो एक बड़े हर्षकी बात है।

इस काव्यकी खोज करने पर संभव है और भी कहीं प्रतियां प्राप्त हो जाय अतः शीघ्र ही शोध की जाकर इसे प्रकाशमें लाना चाहिए। हमें प्राप्त प्रतिमें दूसरे सर्गका अंतिम एवं तीसरेका प्रारंभिक अंश, मध्यवर्त्ती दो पत्रोंके नहीं मिलनेसे कम रह जाता है अतः अन्य प्रतिकी शोध अत्यावश्यक है।

प्राप्त प्रतिके आधारसे काव्य—विवरण नीचे दिया जा रहा है।

आदि— ॥ श्रीपरमगुरुश्रीहेमविमलसूरिगुरुभ्यो नमः ॥
श्रीमन्नाभिनरेन्द्रनन्दनजिनस्तन्यात् सधन्यात्मना—
मुद्यत्कुन्तलमालिकाग्रदलभृत्कल्याणकुम्भः शुभम् ।
यः सद्वृत्त इति प्रतिष्ठितपरः श्रीमुक्तिसीमन्तिनी,
मूर्धन्युद्धृतशुद्धकेवलकलानिस्संगगंगाजलः ॥ १ ॥

प्रथम सर्गमें श्लोक संख्या ५२ है। इसके अन्तमें यह प्रशस्ति लिखी है:—

"इतिश्रीसुमतिसंभवनामके महाकाव्ये देश—देशाधिप—पर्वत—परंपरादिवर्णनो नाम प्रथमः सर्गः सम्पूर्णः ॥

द्वितीय सर्गके ४१ श्लोक हैं, तत्पश्चात् पत्रांक ५—६ नहीं होनेसे अपूर्ण रह गया है। तृतीय सर्गके ५२ श्लोक हैं, इसमें "·····जन्मोत्सव-लेखशालाग्रहण-यौवनवयःप्रारंभादि वर्णन" विषय है। चतुर्थ सर्गके ६१ श्लोक हैं जिसमें "·····चन्द्रोदय-सूर्योदय-दीक्षो-

[देखो—अनुसंधान टाइटल पेज ३]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રતલામમાં વર્તેલું ભયનું સામ્રાજ્ય

રતલામમાં શ્રી શાંતિનાથજી જૈન મંદિર પ્રકરણમાં કલેકટર મહોદયની પક્ષપાતપૂર્ણ નીતિ

રતલામમાં એક પ્રાચીન જિનાલય દેરાસર શ્રીશાંતિનાથજી ભગવાનનું છે. દેરાસર ઘણું પ્રાચીન છે. શ્રીસંપ્રતિ મહારાજની ભરાવેલી ઘણી પ્રતિમાઓ દેરાસરમાં છે. ઘણા વરસો અગાઉ આ દેરાસરનો વહીવટ એક યતિજી કરતા હતા. બાદ તેમનો વહીવટ તથા ચારિત્ર્ય ઠીક નહિ હોવાથી શ્રી જૈન સંઘ તરફથી સરકારને ફરિયાદ કરવામાં આવી. બાદ સરકારે કોર્ટ ઓફ વોર્ડસની દેખરેખ નીચે દેરાસરનો વહીવટ સોંપ્યો. બાદ દેરાસરનો વહીવટ છેલ્લાં ઘણાં વર્ષોથી કોટાવાલા શેઠ ચલાવે છે. વહીવટ સુંદર રીતે ચાલી રહ્યો હતો.

ઉપરોક્ત દેરાસરમાં બ્રાહ્મણ પૂજારી પૂજા કરતો હતો. રતલામ કલેકટર મહોદય પાસે ઉપરોક્ત પૂજારી તથા બીજા સનાતન ધર્મના આગેવાનોએ ફરિયાદ કરી કે શ્રીશાંતિનાથ ભગવાનનું દેરાસર સરકારી છે અને તેના અંદર ગભારાના ભાગમાં શિવલિંગ બિરાજમાન હતા તે જૈનોના સાધુ તથા હીરાલાલ ચૌધરી વિ. સાથે મળીને શિવલિંગની મૂર્તિને ત્યાંથી ખસેડી નાખી. બાદમાં આરોપ લગાવ્યો કે મૂર્તિ ચોરીને લઈ ગયા.

આ જાતની પોલીસમાં ફરિયાદ કરવામાં આવી એટલે પોલીસ તરફથી પૂ. મહારાજ સા.. શ્રી મનકસાગરજી વિરુદ્ધ વૉરંટ કાઢવામાં આવ્યું. પૂ. મહારાજ સા. તો કારતક સુદ ૧૫ ના રોજ વિહાર કરી ગયા હતા. બાદમાં હીરાલાલજી ચોધરીને હાથમાં બેડીઓ નાંખીને બજારમાં થઈને પોલીસ થાણા ઉપર લઈ ગઈ અને પૂરી દીધા. બાદ જે જે જૈનોના આગેવાનો હતા તે બધાંને એક પછી એકને પકડીને લઈ ગયા પરંતુ હીરાલાલ ચોધરી તથા સમીરમલ સિવાય બીજા બધાંને છોડી મૂકવામાં આવ્યા.

હકીકતમાં આપણા મંદિરમાં કોઈ શિવલિંગની મૂર્તિ (લિંગ) પ્રતિષ્ઠા કરેલી હતી જ નહિ, કદાચ પૂજારીએ કોઈની પણ જાણ વગર કોઈ લિંગ અસ્થિર યાને હાલતું ચાલતું યાને ઉપાડી શકાય, બેસાડી શકાય–તેવી રીતે રાખ્યું હોય તો કોઈને ખબર નથી.

આ પ્રકરણ રાઈનો પહાડ બની ગયો, કારણ તેના અંદર ગુંડા લોકો પણ સામેલ થઈ ગયા અને પબ્લિક મીટીંગો કરીને જૈનધર્મ ઉપર જેટલા આક્ષેપો ગંદામાં ગંદા શબ્દોથી બોલી શકાય તેટલા મૂકવામાં આવ્યા. આ મીટીંગોમાં ખુદ હેલ્થ મિનિસ્ટર શ્રી. પ્રેમસિંહજી રાઠોડ હાજર હતા. તેઓશ્રીએ પણ પોતાની ખુરશી જાળવવા ખાતર અને ભવિષ્યમાં પોતાને પબ્લિક તરફથી મત મળે તે દૃષ્ટિએ ભાષણ આપ્યું અને જાહેર કર્યું કે મૂર્તિની તપાસ કરવામાં આવશે. નહિ તો નવીન મૂર્તિ બિરાજમાન કરવામાં આવશે. પ્રભાતફેરીઓ સનાતન ધર્મના આગેવાનોની ઉશ્કેરણીથી કાઢવામાં આવી, જેમાં નાના છોકરાઓ હતા અને બોલતા કે **"જૈન ધર્મનો નાશ હો."**

રતલામ એક સ્ટેટ હતું. ત્યાંના દરબારના સમયમાં કોઈ દિવસ આ પ્રમાણે કોઈ ધર્મનો નાશ હો તેવા ઉચ્ચારો સાંભળવામાં નથી આવ્યા.

કલેકટર મહોદય જાતે મહાકાળના ભક્ત છે. તેમણે કલેકટર તરીકે નિષ્પક્ષ રહેવું જોઈતું હતું, તેના બદલે જાહેર સભામાં ભાષણ આપે છે કે, હું પણ એક સનાતની છું અને અસલ મૂર્તિ જરૂર પધરાવીશ.

બાદ કલેકટર મહોદયે દેરાસર ઉપર પોલીસનો પહેરો ગોઠવી દીધો, અને દેરાસરનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કબ્જો લાંના તહસીલદારને સુપરત કરી દીધો. શ્રી. સજ્જનસિંહ જે ત્યાંનો વહીવટ કરતા હતા તેમને કલેકટર મહોદયે બોલાવ્યા અને આજ્ઞા કરી કે તમો દેરાસરનો કબ્જો સરકારને સુપરત કરી દો, પરંતુ તેમણે સાફ ના પાડી અને જણાવ્યું કે–એવું કોઈ કારણ નથી કે દેરાસરનો વહીવટ સરકાર લઈ લે. તેમ છતાં કલેકટર મહોદય કે જેઓ prejudiced mind થી કામ કરતા હતા તેમણે તરત દેરાસરનો કબ્જો લઈ લીધો અને પોલીસને હુકમ કર્યો કે કોઈને પણ અંદર જવા દેશો નહિ.

તા. ૨૩–૧૧–૫૪ ના રોજ હીરાલાલ ચોધરી તથા સમીરમલને પોલીસે પકડ્યા હતા. તા. ૨૪ ના રોજ પોલીસે મેજિસ્ટ્રેટ સા. પાસે ૮ દિવસનો રીમાન્ડ માંગ્યો. આપણા તરફથી opposition કરવામાં ન આવ્યો, તેમજ જમીન ઉપર છોડવા સારુ અરજ પણ નહોતી આપી; કારણ બધાના મનમાં ડર પેસી ગયો હતો કે જે કોઈ આગેવાન બનશે તેને પકડી લેવામાં આવશે એટલે સરકારની સામે આગેવાન થવાની કોઈની હિંમત ના ચાલી.

હીરાલાલજી ચોધરી ૬૦ વરસના વૃદ્ધ છે. એક પ્રતિષ્ઠિત આબરૂદાર વ્યક્તિ છે. તેમના દિલ ઉપર જબરજસ્ત આઘાત લાગ્યો હતો. ત્રણ દિવસનો અક્રમ થયો હતો. ચોથે દિવસે સાધારણ કાંઈ લીધું હતું.

રતલામ સંઘ તરફથી શ્રી જૈન કોન્ફરન્સને પણ ખબર આપી હતી. ત્યાંથી સેક્રેટરી આવ્યા હતા. શ્રી કલેકટર સા. સાથે વાટાઘાટો થઈ હતી, પરંતુ કાંઈ શુભ પરિણામ ન દેખાયું એટલે તેઓ પાછા ગયા.

તા. ૨૪ના રોજ રતલામ સંઘ તરફથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર લાંબો તાર આપવામાં આવ્યો અને પરિસ્થિતિ જણાવી. શેઠ આણંદજી કલ્યાણજી તરફથી શ્રી. ત્રિકમભાઈ, જેઓ ઉજ્જૈન રહે છે અને મકસીજી તીર્થ માટે છેલ્લાં બાર વરસથી પ્રતિનિધિ છે તેમના ઉપર તાર આવ્યો કે, " હીરાલાલજી ચોધરી આદિ જેઓ જેલમાં છે તેમને છોડાવો તથા દેરાસરમાં પૂજા નથી થતી તેથી આશાતના થાય છે તેનો બંદોબસ્ત કરો. બાહોશ વકીલને લઈ ને રતલામ જાઓ. "

કલેકટર મહોદય તરફથી તા. ૨૫ ના રોજ લાઉડસ્પીકર દ્વારા જનતાને જણાવવામાં આવ્યું કે તા. ૨૭–૧૧–૫૪ ના સવારના ૯–૪૫ મિનિટે શિવલિંગની સ્થાપના શ્રી. શાંતિનાથના મંદિરમાં કરવામાં આવશે.

એટલે રતલામના આગેવાનોએ વકીલને લઈને ઈંદોરમાં હાઈકોર્ટમાં wirt દાખલ કરી અને માંગણી કરી કે તા. ૨૭–૧૧–૫૪ ના રોજ શિવલિંગ અમારા દેરાસરમાં શ્રી કલેકટર મહોદય દ્વારા પધરાવવાના છે તે બદલ મનાઈ હુકમ આપશો. માનનીય હાઈકોર્ટે મનાઈ હુકમ આપ્યો, પરંતુ કલેકટર મહોદયને માલમ પડ્યું કે મનાઈ હુકમ આવશે એટલે તા. ૨૭ ના બદલે તા. ૨૬–૧૧–૫૪ ના દિવસે ૧૨ વાગતાં શિવલિંગ આપણા શ્રી. શાંતિનાથ પ્રભુના દેરાસરમાં પધરાવવામાં આવ્યું. લગભગ ૧૦૦૦ માણસો સાથે હતા. ખુદ કલેકટર મહોદય પણ હાજર હતા. સાંભળવામાં આવ્યા પ્રમાણે પોલીસ જુવાનો બુટ પહેરીને મંદિરમાં દાખલ થયા હતા પરંતુ કોઈએ રોકયા નહીં.

કેટલી ભયંકર આશાતના ! કેટલો એકતરફી જુલમ !! કેટલો અન્યાય !!! રતલામના શ્રી સંઘને ધન્યવાદ આપવો ઘટે છે કે તેમના લોહી ઉકળી ઉઠવા છતાં કાંઈ પણ અઘટિત બનાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી બતવા દીધો અને સઘળા જુલમો શાંત રહીને સહન કર્યા. જ્યારે શાસનરક્ષકને બદલે ભક્ષક બને ત્યાં કોઈ ઇલાજ નથી રહેતો. એકતરફી જ્યાં કાર્યવાહી ચાલે ત્યાં સાંભળનાર કોણ ?

રતલામ સંઘ તરફથી : વિરોધના તાર ગયા પરંતુ તેની કાંઈ અસર થઈ નહીં.

ઉજ્જૈનથી ત્રિકમભાઈ એક બાહોશ વકીલ કે જેઓ રતલામમાં ડીસ્ટ્રીક્ટ જજ તરીકે રહેલા હતા તેમને લઈને તા. ૨૭-૧૧-૫૪ ના રોજ શનિવારે મોટરો દ્વારા રતલામ બપોરે એક વાગતાં આવ્યા હતા. મેજિસ્ટ્રેટ સા. ને મળીને આરોપીઓને મળવાની રજા લીધી. હીરાલાલજી તથા સમીરમલને હાથમાં બેડીઓ નાંખીને લાવવામાં આવ્યા તે વખતે હીરાલાલની હાલત ઘણી જ ખરાબ હતી.

બે દિવસ વધુ રહેત તો કદાચ આઘાતના લીધે અશુભ થઈ જાત. હીરાલાલ બોલી જ શકતા ન હતા. આખું શરીર ધ્રૂજતું હતું. તેઓ બોલ્યા કે-" મારી ૬૦ વરસની ઉમરમાં કલંક લાગ્યું. હવે જીવવામાં કાંઈ ફાયદો નથી. જેલમાં મરી જવું તે સારું છે. હું બધાની મદદમાં ઊભો રહ્યો પરંતુ આજ મારું કોઈ નથી." તેમને દિલાસો આપવામાં આવ્યો ને વકીલાતપત્ર ઉપર બંનેના દસ્તક લીધા. મેજિસ્ટ્રેટ સા. સમક્ષ જમીનની અરજી દાખલ કરવામાં આવી. સામસામે દલીલો થઈ. સદ્‌ભાગ્યે બપોરના ત્રણ વાગતાં શ્રી મેજિસ્ટ્રેટ સાહેબે ૨૫૦૦-૨૫૦૦ રૂપિયાના જમીન ઉપર છોડવાનો હુકમ કર્યો. કોર્ટમાં ઘણા લોકો એકઠા થઈ ગયા હતા. બધા લોકો હુકમ સાંભળવા આતુર હતા. હીરાલાલ તથા સમીરમલ ચાર વાગતાં છૂટ્યા હતા.

બાદમાં કલેકટર મહોદયને મળ્યા. પૂજા એક પૂજારી તથા એક જૈનને કરવા માટે નક્કી કરવામાં આવ્યું એટલે ભગવાનની પૂજા બરાબર તા. ૨૭-૧૧-૫૪ થી થાય છે.

હવે સવાલ દેરાસરનો કબજો લેવાનો તથા નવું શિવલિંગ બેસાડવાનો રહે છે.

તે બદલ ગામેગામના શ્રી. સંઘને વિનંતિ છે કે આપ નીચે પ્રમાણે તારો મોકલશો અને જે આપણા તરફ અન્યાયો થયા છે તે દૂર કરવામાં મદદ કરશો.

(i) Prime Minister Delhi
(ii) Home Minister Delhi
(i) Chief Minister Gwalior
(ii) Home Minister Gwalior
(iii) Chief Secretary Gwalior

Collector Ratlam has acted as party in Shree Shantinathji Jain Temple Chapter. Taking over possession of Temple Management without any cause, posting police at Temple, Stopping all Jains to enter even for Darshana Keeping all Idols unworshipped for three days, multifying High Court Stay order, giving lectures in public Meeting expressing partial opinions thereby increasing feusion. Hence requesting Judicial inquiry against Collector for all his misdeeds.

Shree Jain Sangh.

['જૈન' સાપ્તાહિકના તા. ૪-૧૨-૫૪ ના અંકમાંથી સાભાર ઉદ્‌ધૃત]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાગની પ્રતિષ્ઠા

લેખક : શ્રીયુત અમૂલ

રાજમાર્ગથી હું પસાર થઈ રહ્યો હતો, તેવામાં એક ચકલામાં છોકરાઓનું ટોળું એક પાઘડીવાળા શેઠની મજાક ઉડાવી રહ્યું હતું. તેઓ અંદરો અંદર વાત કરતા હતા: 'પૂરો મારવાડી, પાકો અમદાવાદી હરામજાદો, ખોરો ખાતર વ્યાજખોર.

એકે બીજાને કહ્યું : એના પૈસા શું કામ લાગશે ? નથી છેયું છોકરું કે એના માટે એ ભરી રાખે ! આ તે કંજુસનો અવતાર છે !

પગે જોડા નથી. શિયાળો આથેલા એના લાંબા કોટ માટે બે પસાનો સાબુ યે નથી. ધોતિયું યે જરી ગયું છે. પાઘડીનો જરકસી છેડો માથે છોગાની માફક લટકી રહ્યો છે. પૂરા પચાસ વર્ષની એની ઉંમરમાં એણે ઘરાઈને ધાન પણ ખાધું નહિ હોય. મંદિરમાં પૈસો મૂકતાંયે વિચાર કરે છે; ત્યાં મંદિર બહાર બેઠેલા ભિખારીને તો પઈ-પૈસો કયાંથી આપે ? ચમડી તૂટે પણ દમડી કયાંથી છૂટે !

શેઠનું નામ હતું લક્ષ્મીચંદ. તેઓ મંદિરમાંથી બહાર નીકળી રહ્યા હતા ત્યારે ભિખારીઓ એમની આગળ પોતાનો ખોળો પાથરી પઈ પૈસાની માગણી કરી રહ્યા હતા. એ પ્રસંગ જ આ છોકરાઓને આમ બોલવાનું કારણ આપી રહ્યો. લક્ષ્મીચંદ શેઠ કંજૂસની ખ્યાતિ વરી ચૂકયા હતા.

બીજી રીતે શેઠમાં કેટલાક ગુણ પણ હતા. તેઓ પોતાના હકનું છોડતા નહિ, પણ કોઈની વધારાની રકમ હડપ નહોતા કરતા. કોઈની થાપણ એ ઓળવતા નહિ. હમેશાં ગીતાનો પાઠ કરતા. ગમે તેટલું દૂર હોય, ટાઢ-તડકો લાગતો હોય કે મૂશળધાર વરસાદ તૂટી પડતો હોય છતાં તેઓ હમેશાં એક પંડિતજી પાસે કથાવાચન સાંભળવા જતા.

પંડિતજી સૌ શ્રોતાઓનો આદરસત્કાર કરી સામે બેસાડતા પણ આ કંજૂસનો કદી કોઈ ભાવ પૂછતું નહિ. લક્ષ્મીચંદ શેઠ રોજ બધા શ્રોતાઓની પાછળ એક ખૂણામાં જઈને બેસતા અને કથા સાંભળતા. રોજની માફક આજે પણ તેઓ આવ્યા હતા.

આજે એક ભજનિકે આ શ્રોતાઓની વચ્ચે ભજનો લલકાર્યાં. આ ભજનિકનો મીઠો સાદ, ગાવાની ઢબ, બધું તાલબદ્ધ હતું. ગમે તેવાનું દિલ હલી જાય અને તેમાં એકતાન બની જાય એવો તાલ આ ભજનિકે જમાવ્યો હતો.

એ તાલમાં ભંગ પાડે એવો સૌના આશ્ચર્ય વચ્ચે રૂપિયાનો ખણખણાટ એ ભજનિકની સામે થઈ રહ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોણ જાણે કેમ, ખૂણે બેઠેલા શેઠના વસાઈ ગયેલા અંતરદ્વારનો જાણે આંગળો હઠી ગયો હોય અને ઉદારતાનાં અણુધાર્યાં પૂર ઊમટી આવ્યાં હોય એમ શેઠે પોતાની પાસે રાખી મૂકેલી એક હજાર રોકડા રૂપિયાની થેલી આ ભજનિક સામે ઠાલવવા માંડી.

લોકો કહેવા લાગ્યા: 'કોઈ દિવસ કંજૂસનું હૃદયકપાટ પણ ખુલી જાય છે!'

પંડિતજીએ કહેવા માંડયું: 'જેમ આ ભજનિકે પોતાના ગળાને મોકળું મૂકયું તેમ આ શેઠનું હૃદય પણ આજે મોકળું થયું. ભજનિક! આજે આ કંજૂસનું ધન નથી. એક ઉદારદિલ શેઠનું ન્યાયથી મેળવેલું આ ધન છે. એ લેવામાં સંશય ન રાખતા.'

શ્રોતાઓમાંના એકે ધીમે અવાજે કહ્યું: 'ન્યાયનું!'

'હા, ન્યાય-નીતિથી મેળવેલું આ ધન છે એમાં શંકા નથી. મને ખબર છે કે, મારા જ કુટુંબીમાંના એક છોકરાના બાપનું અચાનક હૃદય બંધ પડી જતાં અવસાન થયું. એના બાપે આ શેઠને ત્યાં પોતાની મૂડી જમા રાખેલી. શેઠે જ્યારે એ અવસાનના સમાચાર જાણ્યા કે તરત જ એ છોકરાને જાતે બોલાવીને તેના બાપના પૈસા વ્યાજ સાથે પાછા આપ્યા હતા.

'બીજું ઉદાહરણ પણ કહી સંભળાવું:

'આ શેઠને ત્યાંથી એક જણ પૈસા લઈ જતો અને દઈ જતો. પેલા માણસના હિસાબમાં ભૂલ હતી. એ ભૂલથી એની મોટી રકમ શેઠને ત્યાં રહી જતી હતી. પણ શેઠે જ્યારે એનો હિસાબ ચોપડે ચોકખો કર્યો ત્યારે એની વધારાની રકમ એને પાછી આપી દીધી.

'ન્યાયથી ઉપાર્જન કરેલા આ ધન માટે બીજી શંકા કયાંથી જ હોય!' પંડિતજીએ તો આજે આ શેઠની જ કથા સંભળાવવા માંડી.

શેઠ રૂપિયાની થેલી ઠાલવીને પોતાના સ્થાને બેસવા પાછા વળતા હતા ત્યાં સૌએ એમને આદર સાથે આગળ બેસવા વિનવણી કરવા માંડી. પંડિતજીએ પણ શેઠનો હાથ પકડી આગ્રહપૂર્વક આગળ બેસાડયા.

પછી તો શેઠની વાચા ખુલી: 'તમે આ મારો આદર કરતા નથી પરંતુ મારા ધનનો આદર કરી રહ્યા છો. ગઈ કાલ સુધી મને કોઈ પૂછતું નહોતું અને રૂપિયાની થેલી આપ્યા પછી આમ એકાએક માન આપી રહ્યા છો તે શેઠને નહિ પણ શેઠના બચકાને આપી રહ્યા છો. સાચે જ, પૈસાની ભારે પ્રતિષ્ઠા છે.'

'શેઠજી! આપની માન્યતામાં કંઈક ભૂલ થાય છે. ધન તો આપની પાસે ગઈ કાલે પણ હતું જ પરંતુ પ્રતિષ્ઠા નહોતી. આ પ્રતિષ્ઠા ધનની નથી પણ ધનના ત્યાગની છે.' પંડિતજીએ ખુલાસો કર્યો.

ધન તો ત્યાગથી જ શોભે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

११) पू. मुनिराज श्रीचंद्रकांतसागरजी म. ना सदुपदेशथी श्रीनागजी भूधरनी पोळ श्रीजैन संघ, **अमदावाद**

११) पू. मुनिराज श्रीभक्तिविजयजी म. ना सदुपदेशथी श्रीजैन श्वेतांबर मू. श्रीसंघ, **नडियाद**

१०) शेठ पारी. पानाचंद वजलाल, **कपडवंज**

१०) पू. मुनिराज श्री. शशिप्रभविजयजी म. ना सदुपदेशथी सं. देवकरण मूळजीभाई जैन देरासर ओफिस, **भलाड**

१०) पू. पं. श्रीचरणविजयजी म. ना सदुपदेशथी श्रीजैन श्वे. मू. श्रीसंघ, **सरियद**

९) पू. मुनिराज श्री. निरंजनविजयजी म. ना सदुपदेशथी श्रीजैन ओशवाल श्री संघनी पेढी, **शिवगंज**

६) पू. आ. श्रीविजयन्याय सूरीश्वरजी म. ना सदुपदेशथी शेठ शांतिलाल नाथालाल, **भालासिनोर**

५) पू. मुनिराज श्रीसुमनविजयजी म. ना सदुपदेशथी श्रीजैन संघ समस्त, **लुणावाडा**

५) पू. मुनिराज श्री. रविविजयजी म. ना सदुपदेशथी श्रीजैन संघ, **वडनगर**

५) पू. पं. श्रीजयंतविजयजी म. ना सदुपदेशथी श्रीजैन श्वे. मू. संघनी पेढी, **नाशिक सीटी**

[अनुसंधान पृष्ठः ४५ से आगे]

त्सवादिवर्णनो चतुर्थः सर्गः" है। पंचम सर्ग ५३ श्लोकोंका "·····स्मरपराजयनाम पंचमः सर्गः" है। छट्ठे सर्गमें "·····श्रीसुधर्मगणधरादिपट्टपरम्परावर्णनो नाम षष्ठः सर्गः" है यह ५७ श्लोकोंका है। सातवां सर्ग सबसे बड़ा है जिसमें ७३ श्लोक हैं। अंतमें "·····गुरूपदेश-प्रतिबुद्धविशुद्धप्रज्ञश्रीमण्डपाचलवास्तव्यश्रीमालवभूपालेतिबिरुदलघुशालिभद्रश्रीजावडेन्द्रपरिग्रहपरिमाणस्थितिवर्णनो नाम सप्तमः सर्गः" लिखा है। आठवां सर्ग ४६ श्लोकका है जिसमें "···श्रीजावडेन्द्रप्रतिष्ठोत्सववर्णनो नामाष्टमः सर्गः" वर्णित है। अंतिम श्लोक प्रशस्तिः—

शिवहेमपण्डितानां शिष्यशिशुर्वाचकेन्द्रचन्द्राणाम्।
श्रीजिनमाणिक्यानां छात्रः शास्त्रं व्यधत्तेदम् ॥ ४५ ॥
इतिश्रीसुकविसर्वविजयप्रसन्नगुरुभारती प्रतीतिकरे।
नव्येत्र सुमतिसंभवकाव्ये सर्गोष्टमोऽयमजनिष्ट ॥४६॥

इतिश्रीमत्तपागच्छाधिपत्यपदवीपुलोपमजावरीरंभवास्तव्यवास्तोष्पतिश्रीमत्तमश्रीश्रीसुमतिसाधुसूरीश्वरगुणगौरवपौरवर्गश्राव्ये श्रीसुमतिसंभवे नामके महा[का]व्ये श्रीजावेडेन्द्रप्रतिष्ठोत्सववर्णनो नामाष्टमः सर्गः संपूर्णोयं सुमतिसंभवग्रंथः यथार्थाभिधानः पाठकानाम् ॥ छ ॥ छ ॥ संवत् १५५४ वर्षे श्रीहलदुर्गमहानगरे हर्षकुलगणयः सुमतिसंभवग्रंथमलीलिखल्लेखकेन ॥ श्री ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 श्री जैन सत्य प्रकाश

શ્રી જૈન સત્ય પ્રકાશ

અંગે સૂચના

યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૯ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને કાયમને માટે માસિક મોકલવામાં આવે છે.

વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only